


# ફાસ્ટ રિવિઝન

## ઓગસ્ટ ૨૦૨૧

## હવે આગામી અંકથી નવા સ્વરૂપે

Most IMP Current Affairs

Crack GPSC

www.crackgpsc.com

# ઓગસ્ટ ૨૦૨૧

## (૧ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૧)


## સ્પેશ્યલ થેન્ક્સ

**શ્રી એમ. કે. પ્રજાપતિ સાહેબ**
**(ડે. કલેક્ટર)**

**પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.**

## We are famous for…

**The Most IMP,**
**Authentic,**
**To the point,**
**Up to date**
**material**


આ બુક તો વાંચવી જ પડે
ગુજરાતને લગતા
6000+ પ્રશ્નો
એક જ સ્થળે ધરાવતી
ગુજરાતની એકમાત્ર બુક

સ્પે. થેન્ક્સ :
શ્રી એમ. કે. પ્રજાપતિ (ડે. કલેક્ટર)

Crack GPSC easily with...
crackgpsc.com

## Most Imp Current Affairs

### 1 ઓગસ્ટ

- ઇક્વાડોરની કોર્ટે વિકિલિક્સના સંસ્થાપક અને હાલ બ્રિટન જેલમાં કેદ જુલિયન અસાન્જેની નાગરિકતા રદ કરી.
- ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે 2022ની વિધાનસભાની ચૂંટણી માટે 'ઈરાદે નેક, કામ અનેક' સૂત્ર આપ્યું.
- ભારતીય મૂળના બ્રિટિશ લેખક સંજીવ સહોતા બુકર પ્રાઈઝ-2021 માટેના લાંબા સમયથી સૂચિબદ્ધ થયેલ 13 લેખકોમાં સામેલ. તેમને પોતાની નવલકથા 'ચાઈના રૂમ' માટે પસંદ કરવામાં આવેલ છે.
- ગુજરાતમાં લુપ્તપ્રાય થયેલું 'ધોલ' પ્રાણી ડાંગના જંગલમાં જોવા મળ્યું.
- 15મી ઓગસ્ટના રોજ સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી જૂનાગઢ ખાતે કરવામાં આવશે.
- બિહારમાં રાજ્યની પ્રથમ સ્પોર્ટ્સ યુનિવર્સિટી સ્થાપવામાં આવશે, જેથી દેશમાં કુલ 6 સ્પોર્ટ્સ યુનિવર્સિટી થશે.
- જાપાનની મોમીજી નીશિયા સ્કેટ બોર્ડિંગમાં ગોલ્ડ જીતીને ઓલિમ્પિકના ઈતિહાસમાં સૌથી નાની વયની (13 વર્ષ 330 દિવસ) ગોલ્ડ વિજેતા બની.
- નાઈઝીરીયા પોતાની ક્રિપ્ટોકરન્સી 'ઈ-નાઈરા' શરૂ કરશે.
- રમેશ નાયર પ્રોપર્ટી કન્સલ્ટન્ટ ફર્મ કોલીઅર્સ ઇન્ટરનેશનલ ઇન્ડિયાના CEO નિયુક્ત.
- PayUનાં એક્ઝીક્યુટીવ નુપૂર ચતુર્વેદી ભારત બિલ પેમેન્ટ સિસ્ટમનાં CEO નિયુક્ત.
- ગ્રાફિક આર્ટીસ્ટ આનંદ રાધાકૃષ્ણને 'બેસ્ટ પેઈન્ટર/મલ્ટીમિડિયા આર્ટીસ્ટ (ઇન્ટીરિયર આર્ટ)' તરીકે કોમિક વર્લ્ડનો ઓસ્કાર ગણાતો પ્રતિષ્ઠિત વિલ એૈસનર કોમિક ઇન્ડસ્ટ્રી એવોર્ડ જીત્યો.
- ભારત ઓગસ્ટ-2021 માટે UN સિક્યોરિટી કાઉન્સિલનું અધ્યક્ષ રહેશે.
- 1 ઓગસ્ટ: મુસ્લિમ મહિલા અધિકાર દિવસ. 2019માં આ દિવસે ટ્રિપલ તલાકના કાયદા અંતર્ગત ટ્રિપલ તલાકને ગુનો જાહેર કરવામાં આવ્યો હતો.

### 2 ઓગસ્ટ

- ઈસરો અને નાસા 2023માં તેમનું સંયુક્ત મિશન NISAR (નાસા ઈસરો સિન્થેટિક એપેર્ચર રડાર) ઉપગ્રહ લોન્ચ કરશે, જેનો ઉદ્દેશ્ય એડવાન્સ્ડરડાર ઈમેજિસનો ઉપયોગ કરીને

વૈશ્વિક સ્તરે પૃથ્વીની સપાટીમાં થયેલ પરિવર્તનને માપવાનો છે.

- ભારતનાં 14 વાઘ અભયારણ્યને ગ્લોબલ કન્ઝર્વેશન અસ્યોર્ડ ટાઇગર સ્ટાન્ડર્ડ્સ (CA/TS)ની માન્યતા આપવામાં આવી.
- વાઈસ એડમિરલ એસ. એન. ઘોરમડે ડેપ્યુટી ચીફ ઓફ ઇન્ડિયન નેવલ સ્ટાફ નિયુક્ત.
- સીરમ ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડિયાના સંસ્થાપક સાઈરસ પુનાવાલા પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય લોકમાન્ય તિલક પુરસ્કાર-2021થી સન્માનિત.
- IPS રાકેશ અસ્થાનાને દિલ્હીના કમિશનર બનાવવા સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી, કારણ કે કોઈ અધિકારીની નિવૃત્તિમાં 3 મહિનાથી વધુનો સમય બાકી હોય તો જ તેને આ પદ પર નિયુક્ત કરી શકાય, જ્યારે અસ્થાનાની નિવૃત્તિમાં માત્ર 4 દિવસ જ બાકી હતા.
- કોકોનટ ડેવલપમેન્ટ બોર્ડના ચેરમેનને નોન-એક્ઝીક્યુટીવ ડિરેક્ટર બનાવવા માટે રાજ્યસભામાં કોકોનટ ડેવલપમેન્ટ બોર્ડ (સુધારા) અધિનિયમ-2021 પસાર કરવામાં આવ્યો, જે મુજબ હવે ગુજરાત અને આંધ્રપ્રદેશ આ બોર્ડમાં પોતાના પ્રતિનિધિને નોમીનેટ કરી શકશે.
- ભારતની સ્ટાર શટલર પી. વી. સિંધૂએ બેડમિન્ટનમાં ટોક્યો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ જીતીને ઈતિહાસ સર્જ્યો. સિંધૂ ઓલિમ્પિક સ્તરે બે વ્યક્તિગત મેડલ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બની. આ અગાઉ સિંધૂએ ઓલિમ્પિક-2016માં સિલ્વર મેડલ મેળવ્યો હતો.
- ભારતીય-અમેરિકન એટર્ની રાશદ હુસેન અમેરિકામાં આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા માટે એમ્બેસેડર-એટ-લાર્જ (ધાર્મિક સ્વતંત્રતા રાજદૂત) નિયુક્ત થનાર પ્રથમ મુસ્લિમ રાજદૂત બન્યા.
- સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવ આશુતોષ શર્માને મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સીઝના સચિવનો વધારાનો કાર્યભાર આપવામાં આવ્યો.
- મધ્યપ્રદેશના સાતપુડા વાઘ અભયારણ્યને સર્વશ્રેષ્ઠ પ્રબંધન માટે અર્થ ગાર્જિયન શ્રેણીનો નેટવેસ્ટ ગ્રુપ અર્થ હીરોઝ એવોર્ડ આપવામાં આવ્યો.

## 3 ઓગસ્ટ

- PM મોદીજીએ સરકાર અને લાભાર્થીઓ વચ્ચેના સંપર્કને મર્યાદિત કરવા માટે ઈ-વાઉચર આધારિત પેમેન્ટ સિસ્ટમ 'e-RUPI ડિજિટલ પેમેન્ટ સોલ્યુશન' લોન્ચ કરી. સરકારના આ પગલાથી ટ્રાન્સપરન્ટ અને લીક પ્રુફ ડિલિવરીમાં મદદ મળશે. ઈ-રૂપી એક પ્રીપેડ વાઉચર છે, જેને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા એટલે કે NPCIએ વિકસિત કર્યું છે. એના દ્વારા કેશલેસ અને કોન્ટેક્ટલેસ પેમેન્ટ થશે. સરકારના જણાવ્યા મુજબ, એના દ્વારા યોજનાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવામાં મદદ મળશે.

- ગુગલ પ્લેસ્ટોર પર વિવિધ નામ ધરાવતી સુગર ડેટિંગ એપ પર ગુગલ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવશે.
- મધ્યપ્રદેશ કેડરના IPS સોનાલી મિશ્રા બોર્ડર સિક્યોરિટી ફોર્સના પંજાબ ફ્રન્ટીયરનું નેતૃત્વ કરનાર પ્રથમ મહિલા અધિકારી.
- ICMA (ઇન્ડિયન ઇન્વેસ્ટમેન્ટ કાસ્ટિંગ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન) અને સદભાવના વૃદ્ધાશ્રમના સંયુક્ત પ્રયાસથી રાજકોટના વાગુદડમાં 5000 પીપળાનાં વૃક્ષો વાવીને ભારતનું પ્રથમ પીપળવન બનાવવામાં આવશે.
- સૌથી વધુ વિશ્વ ધરોહર સ્થળો ધરાવતા દેશોમાં 40 સ્થળો સાથે ભારત વૈશ્વિક સ્તરે છઠ્ઠા અને એશિયામાં ચીન બાદ બીજા ક્રમે. ભારતમાં સૌથી વધુ વિરાસત સ્થળો ધરાવવાની બાબતે મહારાષ્ટ્ર 5 સ્થળો સાથે પ્રથમ અને ગુજરાત 3 સ્થળો સાથે બીજા ક્રમે.
- ભારતની પ્રથમ હેર કલર બ્રાન્ડ ગોદરેજ એક્સપર્ટ ઇઝીએ અભિનેતા સૈફ અલી ખાનને પોતાનો બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યો.
- એપલ દ્વારા આયોજિત 14મા આઇફોન ફોટોગ્રાફી એવોર્ડ્સ-2021માં ફોટોગ્રાફર ઓફ ધ યર તરીકે પુણેના શરણ શેટ્ટીએ પ્રથમ ક્રમ મેળવ્યો.
- ભારતના આયુષ મંત્રાલયે કોવિડ-19ની સારવાર માટે આયુર્વેદિક ઔષધ ‘અશ્વગંધા’ના લાભોનો અભ્યાસ કરવા માટે લંડન સ્કૂલ ઓફ હાઈજીન એન્ડ ટ્રોપિકલ મેડિસિન સાથે કરાર કર્યા.
- ગુગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટ ઇન્ક. ઇન્ડસ્ટ્રીયલ રોબોટ્સ બનાવવા માટે સોફ્ટવેર બનાવવા ‘ઇન્ટ્રિન્સિક’ નામની નવી રોબોટીક્સ કંપની શરૂ કરશે.
- પૂણે મેટ્રો માટે ભારતની સૌથી હલકી મેટ્રો ટ્રેન ઇટાલીમાંથી લાવવામાં આવી.
- ભારતીય મહિલા હોકી ટીમે ઈતિહાસમાં પ્રથમ વખત ઓલિમ્પિક ગેમ્સની સેમી ફાઇનલ્સમાં પ્રવેશ મેળવ્યો.
- ભારતીય ફિલ્ડ હોકી ખેલાડી વંદના કટારીયા ઓલિમ્પિકમાં હેટ્રિક બનાવનાર દેશની પ્રથમ મહિલા બની.
- ભારત અને બાંગ્લાદેશ વચ્ચે 1965 બાદ હલ્દીબાડી (પશ્ચિમ બંગાળ)થી ચિલાહાટી (બાંગ્લાદેશ) સુધી રેલમાર્ગ પર ફરીથી નિયમિત માલગાડી સેવા શરૂ કરવામાં આવી.

## 4 ઓગસ્ટ

- ઈસ્માઈલ હનીયેહ ફરીથી પેલેસ્ટાઇનના ઇસ્લામી સમૂહ હમાસના નેતા ચૂંટાયા.
- CBDTના પ્રિન્સીપલ ચીફ કંટ્રોલર ઓફ અકાઉન્ટ્સ દીપક દાસ ભારતના 25મા કંટ્રોલર જનરલ ઓફ અકાઉન્ટ્સ (CGA) નિયુક્ત.
- લેફ્ટનન્ટ જનરલ તરૂણ કુમાર ચાવલા તોપખાનાના ડિરેક્ટર જનરલ નિયુક્ત.

- શૈલેષ જેજુરિકર પ્રોક્ટર એન્ડ ગેમ્બલના ગ્લોબલ COO (ચીફ ઓપરેટીંગ ઓફિસર) નિયુક્ત. આ પદ પર નિયુક્ત થનાર તેઓ પ્રથમ ભારતીય બન્યા.
- મ્યાનમારના સૈન્ય શાસક મિન અંગ હલિંગ નવરચિત કાર્યવાહક સરકારના વડાપ્રધાન ઘોષિત.
- દેશની સૌથી વધુ મૂલ્યવાન કંપની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ફોર્ચ્યુન ગ્લોબલ 500 લિસ્ટમાં 59 ક્રમ ગબડીને 155મા ક્રમે. અમેરિકાની વોલમાર્ટ પ્રથમ ક્રમે. આ યાદીમાં રિલાયન્સ, SBI, ONGC, ભારત પેટ્રોલિયમ, ટાટા મોટર્સ, રાજેશ એક્સપોર્ટ્સ અને IOC એમ સાત ભારતીય કંપનીઓ સામેલ છે.
- ઓડીસાનું ભુવનેશ્વર 100% કોરોના વેક્સિનેશન પૂર્ણ કરનાર દેશનું પ્રથમ શહેર બન્યું.
- ઓસ્ટ્રેલિયાને હરાવીને ઓલિમ્પિક હોકી સેમી ફાઇનલ્સમાં પહોંચનાર ભારતીય મહિલા હોકી ટીમની ગોલ-કીપર સવિતા પુનિયાને ભારતમાં રહેલ ઓસ્ટ્રેલિયન હાઈ કમિશનર બેરી ઓ ફેરેલે 'ધ ગ્રેટ વોલ ઓફ ઇન્ડિયા' કહી.
- કેન્દ્ર સરકારે દેશવાસીઓને 75 વર્ષની સ્વતંત્રતાની ઊજવણીના ભાગ રૂપે રાષ્ટ્રગાન ગાઈને www.rashtragaan.in પર અપલોડ કરવાનું આહવાન કર્યું.
- વડાપ્રધાન મોદીના સલાહકાર અમરજિત સિંહાએ પોતાના પદેથી રાજીનામું આપ્યું.
- આંધ્રપ્રદેશમાં પશ્ચિમ ગોદાવરી જિલ્લાના લિંગાપાલમ ગામની પંચાયતના સભ્યોએ 300 જેટલા શ્વાનને ઝેરી ઈન્જેક્શન આપીને મારી નાખતા ગ્રામ પંચાયતના મંત્રી અને સરપંચ વિરૂદ્ધ 'પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ' અંતર્ગત કેસ નોંધવામાં આવ્યો.
- દિવ્ય ભાસ્કરના કટાર લેખક તરીકે જાણીતા ડૉ. ગુણવંત શાહને પ્રથમ આવૃત્તિનો પ્રથમ વાલ્મિકી એવોર્ડ આપવામાં આવશે.

## 5 ઓગસ્ટ

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્રામ્ય બાળકોને પ્લે સ્કુલની સુવિધા આપવા માટે 'વિદ્યા પ્રવેશ' કાર્યક્રમ શરૂ કર્યો.
- નરેન્દ્ર મોદી UN સિક્યોરિટી કાઉન્સિલની ઓપન ડિબેટની અધ્યક્ષતા કરનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન બનશે. તેઓ 'આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષાની જાળવણી: સમુદ્રી સુરક્ષા' પર UNSCની ઓપન ડિબેટની અધ્યક્ષતા કરશે.
- ઈબ્રાહીમ રાયસી ઇરાનના રાષ્ટ્રપતિ બન્યા.
- નિકોલ પશીનયાન ફરીથી આર્મેનિયાના વડાપ્રધાન નિયુક્ત.
- મૂવી પ્રમોશન કંપની ફ્રીકઆઉટ એન્ટરટેનમેન્ટને ભારતીય ફિલ્મ અને ટેલિવિઝન ઉદ્યોગમાં પોતાના યોગદાન માટે દાદાસાહેબ ફાળકે ઇન્ડિયન ટેલિવિઝન એવોર્ડ-2021 આપવામાં આવશે.

- ઓસ્ટ્રેલિયાએ પોતાના પૂર્વ વડાપ્રધાન ટોની એબોટને ભારતમાં વિશેષ વેપાર દૂત નિયુક્ત કર્યા.
- મનપ્રીત વોહરા કેનબેરામાં નિવાસ સાથે નાઉરૂમાં ભારતના આગામી હાઈ કમિશનર નિયુક્ત. તેઓ હાલમાં ઓસ્ટ્રેલિયામાં ભારતીય હાઈકમિશનર છે.
- અમેરિકાએ ભારતને 82 મિલિયન ડોલર્સમાં હાર્પૂન જોઈન્ટ કોમન ટેસ્ટ સેટ-ICTS (એક મિસાઈલ) વેચવા માટે મંજૂરી આપી.
- લોકસભામાં 'ધ એસેન્સિયલ ડિફેન્સ સર્વિસ બિલ-2021'ને બહુમતીથી પસાર કરવામાં આવ્યું, જે અંતર્ગત સંરક્ષણ ક્ષેત્રે કામ કરનાર વ્યક્તિ હડતાલ પાડી શકશે નહિ. જો કોઈ હડતાલ પાડે કે તેમાં ભાગ લે તો 1 વર્ષની જેલ અને દસ હજાર રૂપિયાનાં દંડની જોગવાઈ કરવામાં આવી.
- ગલ્ફ દેશોમાં રહેતા ભારતીય પરિવારો માટે ભારતીય તબીબી સેવા પરીક્ષા NEET-UG માટે ભારત સરકારે દુબઈ અને કુવૈતને પરીક્ષા કેન્દ્રો જાહેર કર્યા.
- મિની આઈપે LIC લિ.નાં MD નિયુક્ત.
- એજ્યુકેશન કન્સલ્ટન્સી ફર્મ 'EY પાર્થેનન'ના પૂર્વ પાર્ટનર કરણ ખેમકા યુનિવર્સિટી એડમિશન પ્લેટફોર્મ લીવરેજ એજ્યુનાં બોર્ડમાં ઈન્ડીપેન્ડેંટ ડિરેક્ટર તરીકે સામેલ.
- પશ્ચિમ બંગાળે 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' પહેલ અંતર્ગત ચાર SKOCH એવોર્ડ્સ જીત્યા.
- ટોક્યો ઓલિમ્પિકમાં 69 કિ.ગ્રા. કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીતીને લવલીના બોર્ગોહેન મેરી કોમ બાદ ઓલિમ્પિક મેડલ જીતનાર બીજી ભારતીય મહિલા બોક્સર બની.
- ખેલ મંત્રી અનુરાગ ઠાકુરે નવી દિલ્હીમાં ટોક્યો પેરાલિમ્પિક માટેનું થીમ સોંગ 'કર દે કમાલ તૂ' લોન્ચ કર્યું.

GPSC વર્ગ 1, 2 અને વર્ગ 3 (પ્રિલીમ/મુખ્ય) તથા કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે

આટલું તો વાંચવું જ પડે...

આધુનિક ભારતનો ઈતિહાસ

એક બુક, બધી પરીક્ષાઓ



Crack GPSC easily with...
Crack GPSC

સ્પેશ્યલ થેન્ક્સ
શ્રી એમ. કે. પ્રજાપતિ
(ડે. કલેક્ટર)

**6 ઓગસ્ટ**

- ભારત સરકાર સમગ્ર દેશમાં કુલ 1000 ખેલો ઇન્ડિયા કેન્દ્ર સ્થાપિત કરશે.
- પાકિસ્તાને 60 બિલિયન અમેરિકન ડોલર્સના ચીન-પાકિસ્તાન ઇકોનોમિક કોરિડોર (CPEC) માટે ખાલિદ મન્સૂરને નવા પોઇન્ટમેન તરીકે નિયુક્ત કર્યા.
- સરકારી વ્યવસાયો સાથે સંકળાયેલ વ્યવહારોની સુવિધા માટે RBIએ ઇન્ડસઇન્ડ બેંકને 'એજન્સી બેંક' તરીકે માન્યતા આપી. હવેથી ઇન્ડસઇન્ડ બેંક પણ CBDT, CCBIC અને GST કલેક્શન સાથે સંકળાયેલ વ્યવહારો કરવા માટે અધિકૃત ગણાશે.
- અટારી બોર્ડર પર લહેરાવવામાં આવતા રાષ્ટ્રધ્વજની ઊંચાઈ 100 ફૂટ વધારવામાં આવશે, જેથી તે દેશનો સૌથી ઊંચો (460 ફૂટ) રાષ્ટ્રધ્વજ બનશે, જેની ઊંચાઈ હાલમાં 360 ફૂટ છે.
- રાજકોટની 84 વર્ષ જૂની ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ હેરિટેજ જાહેર કરાઈ. તે ઉપરાંત જૂનાગઢની 121 વર્ષ જૂની બહાઉદ્દીન કોલેજને પણ હેરિટેજ સ્મારકમાં સ્થાન મળ્યું.
- કુમાર મંગલમ બિરલાએ વોડા-આઈડિયા ટેલિકોમ કંપનીના નોન-એક્ઝીક્યુટીવ ડિરેક્ટર અને નોન-એક્ઝીક્યુટીવ ચેરમેન પદેથી રાજીનામું આપ્યું.
- ભારત-પાકિસ્તાન યુદ્ધ-1971ના 50 વર્ષની યાદમાં સેનાએ લદ્દાખના બે ગામડા તુરતુક અને ત્યાક્ષીમાં વિજય રેલી યોજી.
- સમગ્ર ગુજરાત રાજ્યમાં ખેતીવાડીને દિવસ દરમ્યાન વીજળી આપવાના પ્રોજેક્ટની શરૂઆત મુખ્યમંત્રી દ્વારા ભૂજથી કરવામાં આવશે.
- કેરળના ત્રિશૂર જિલ્લાના કુથિરનમાં દક્ષિણ ભારતની સૌથી લાંબી 6-લેન રોડ 'ટ્વિન ટ્યુબ' ટનલ બનાવવામાં આવી.
- લક્ષદ્વીપમાં પર્યટકોને પ્રાકૃતિક સુંદરતા પ્રત્યે આકર્ષવા માટે માલદીવ શૈલીના વોટર વિલા બનાવવામાં આવશે.

- ભારતના પ્રથમ સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર ‘વિક્રાંત’નું સમુદ્રી પરીક્ષણ શરૂ કરવામાં આવ્યું.

## 7 ઓગસ્ટ

- ધ બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશને પૂર્વ લદ્દાખમાં ઉમલિંગ લા પાસ પર 19,300 ફૂટની ઊંચાઈએ દુનિયાનો સૌથી ઊંચો મોટરેબલ રોડ બનાવ્યો. આ રેકોર્ડ અગાઉ બોલિવિયામાં 18,953 ફૂટ ઊંચાઈએ બનાવેલ રોડનો હતો.
- અમેરિકન આર્મીના ચીફ ઓફ સ્ટાફ જનરલ જેમ્સ વી. મેકકોનવિલે ભારતની યાત્રાએ.
- આર્થિક મુશ્કેલીને કારણે પાકિસ્તાન PMનું અધિકૃત નિવાસસ્થાન ભાડે આપવામાં આવશે.
- 2019માં બાલાકોટ પર કરવામાં આવેલ એરસ્ટ્રાઈક વિષે નેવીના વયોવૃદ્ધ મનન ભટ્ટ દ્વારા ‘બાલાકોટ એર સ્ટ્રાઈક-હાઉ ઇન્ડિયા અવેન્જડ પુલવામા’ પુસ્તક લખવામાં આવ્યું.
- INS ખંજર ઓડીસામાં ગોપાલપુરના હેરિટેજ કોસ્ટલ પોર્ટ પર પહોંચનાર પ્રથમ ઇન્ડિયન નેવિ શિપ બન્યું.
- નિવૃત્ત જસ્ટિસ વી. એમ. કનડે મુંબઈમાં લોકાયુક્ત નિયુક્ત.
- ઉત્તરાખંડના મુખ્ય મંત્રી પુષ્કર સિંહ ધામીએ ભારતની પ્રથમ અર્થક્વેક મોબાઈલ લોન્ચ કરી.
- રાજ્ય સફાઈ કામદાર બોર્ડના રિપોર્ટ અનુસાર ગટરની અંદર સફાઈ કરતી વખતે થયેલ સફાઈ કામદારોના મૃત્યુ બાબતે ગુજરાત બીજા ક્રમે, તમિલનાડુ પ્રથમ ક્રમે.
- અમેરિકન એજન્સી USAID (US એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ)માં વીણા રેડ્ડી ભારતમાં મિશન ડિરેક્ટર પદે નિયુક્ત. આ પદે નિયુક્ત થનાર તેઓ પ્રથમ ભારતીય બન્યાં.

## 8 ઓગસ્ટ

- ટ્રિપલ જંપર હ્યુગુસ ફેબરીસ ઝાંગોએ ટોક્યો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતતા આફ્રિકન દેશ બુર્કિના ફાસોએ ઓલિમ્પિક ઈતિહાસમાં પ્રથમ મેડલ મેળવ્યો. તે સાથે જ એ દેશ એથ્લેટિક્સમાં મેડલ મેળવનાર વિશ્વનો 100મો દેશ બન્યો.
- ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ)એ FEMA (ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ)ના ઉલ્લંઘન માટે ફ્લિપકાર્ટ અને તેના સ્થાપકોને નોટિસ ફટકારી.
- ફેશન બ્રાન્ડ લુઈવિતાની પેરેન્ટ કંપની LVMHના માલિક બર્નાર્ડ એર્નોલ્ટ એમેઝોનના જેફ બેઝોસ અને ટેસ્લાના એલન મસ્કને પછાડીને 14.78 લાખ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે વિશ્વના સૌથી અમીર વ્યક્તિ બન્યા.

- ગુજરાતના ધાનેરાના કુંડી ગામમાં આર્ગેમોના મેક્સિકાના જંગલી વનસ્પતિનાં બીજ રાયડામાં ભળી જતાં ત્રણનાં અવસાન થયાં. આ બીજથી એપેડમિક ડ્રોપ્સી પ્રકારનો રોગ થાય છે.
- UDAN (ઉડે દેશ કા આમ નાગરિક) પ્રોજેક્ટ હેઠળ પ્રથમ ફ્લાઈટ ઇમ્ફાલ (મણિપુર) અને શિલોંગ (મેઘાલય) વચ્ચે શરૂ કરવામાં આવી.
- ભારતના સર્વોચ્ચ ખેલ પુરસ્કાર રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કારનું નામ બદલીને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર રાખવામાં આવ્યું.
- 8 ઓગસ્ટ: ભારત છોડો આંદોલનની 79મી વર્ષગાંઠ. આ દિવસે ઈ.સ. 1942માં ગાંધીજીએ ભારત છોડો આંદોલનની શરૂઆત કરી હતી, જેમાં ગાંધીજીએ 'કરો યા મરો'નું સૂત્ર આપ્યું હતું.
- ધૃતિ બેનર્જી ઝૂઓલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા (ZSI)નાં પ્રથમ મહિલા ડિરેક્ટર બન્યાં.
- ભારતીય રેસલર રવિ કુમાર દહિયાએ ટોક્યો ઓલિમ્પિકમાં મેન્સ 57 કિગ્રા ફ્રીસ્ટાઇલ રેસલિંગમાં સિલ્વર જીત્યો.
- ટોક્યો ઓલિમ્પિકમાં બેલ્જિયમની ટીમે પેનલ્ટી શૂટઆઉટમાં ઓસ્ટ્રેલિયાને હરાવીને મેન્સ હોકીમાં ગોલ્ડ જીત્યો, ભારતે જર્મનીને હરાવીને મેન્સ હોકીમાં બ્રોન્ઝ જીત્યો.
- ટોક્યો ઓલિમ્પિકમાં નેધરલેન્ડની મહિલા હોકી ટીમે ગોલ્ડ મેડલ જીત્યો.

## 9 ઓગસ્ટ

- જર્મની ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સ ફ્રેમવર્ક અગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરનાર પાંચમો દેશ બન્યો.
- ઈબ્રાહીમ રાઈસી ઇરાનના નવા રાષ્ટ્રપતિ બન્યા.
- બોલીવુડ અભિનેતા જોન અબ્રાહમ ડિસ્કવરીની સ્પોર્ટ્સ ચેનલ યુરોસ્પોર્ટ ઇન્ડિયાના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- છ વખતના બેલોન ડી'ઓર વિજેતા લિયોનેલ મેસી 18 વર્ષ બાદ બાર્સેલોના ક્લબ છોડશે.
- ટોક્યો ઓલિમ્પિકમાં મેન્સ જેવલીન થ્રો (87.67 મીટર)માં ગોલ્ડ જીતીને નીરજ ચોપડાએ ભારતને ઓલિમ્પિક ઈતિહાસમાં પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો. નીરજ અભિનવ બિન્દ્રા (2008) બાદ વ્યક્તિગત ગોલ્ડ મેડલ મેળવનાર બીજા ભારતીય બન્યા.
- બજરંગ પુનિયાએ મેન્સ ફ્રી-સ્ટાઈલ 65 કિ.ગ્રા. વર્ગમાં બ્રોન્ઝ મેળવ્યો
- થિરૂવનંથપુરમ (કેરળ)ના ચિત્રા તિરૂનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીઝમાં ભારતની પ્રથમ હાર્ટ ફેલિયોર બાયોબેંક શરૂ કરવામાં આવશે.
- HDFC બેંકના પૂર્વ CEO આદિત્ય પુરી ફાર્મા કંપની સોલારા એક્ટીવ ફાર્મા સાયન્સીઝના બોર્ડમાં અધ્યક્ષ નિયુક્ત.

- રાષ્ટ્રીય મહિલા આયોગનાં અધ્યક્ષ રેખા શર્માનો કાર્યકાળ ત્રણ વર્ષ માટે વધારવામાં આવ્યો.
- બ્રિટનની શૈક્ષણિક વિશ્લેષક કંપની ક્વાક્યૂરેલી સાયમંડ્સ દ્વારા કરવામાં આવેલ QS રેન્કિંગ-2022 અનુસાર લંડન સતત ત્રીજી વખત આંતરરાષ્ટ્રીય સ્તરે વિદ્યાર્થીઓ માટે સર્વશ્રેષ્ઠ શહેર બન્યું, જ્યારે મ્યુનિખ બીજા ક્રમે.
- ભૂટાનની ભારતીય સહાયતા પ્રાપ્ત મંગદેછુ જળવિદ્યુત પરિયોજનાને લંડનના ઇન્સ્ટીટ્યુટ ઓફ સિવિલ એન્જિનિયર્સ દ્વારા બ્રુનેલ મેડલથી સન્માનિત કરવામાં આવી.
- એમેઝોને તેલંગાણામાં એક નવું ફૂલફીલમેન્ટ સેન્ટર (FC) શરૂ કરવાની ઘોષણા કરી.
- બ્રાઝિલની અંતરિક્ષ એજન્સી INPEના DETER મોનિટરીંગ પ્રોગ્રામના સેટેલાઇટ ડેટા અનુસાર એમેઝોનના વર્ષાવનમાં 8700 ચોરસ કિલોમીટર વિસ્તારનાં જંગલ નાશ પામ્યાં.
- 620 વિકેટ્સ સાથે જેમ્સ એન્ડર્સન (ઇંગ્લેન્ડ) મુથૈયા મુરલીધરન (800) અને શેન વોર્ન (708) બાદ સૌથી વધુ ટેસ્ટ ક્રિકેટ લેનાર બોલર બન્યો.
- 9 ઓગસ્ટ: આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ. ગુજરાતમાં રાજ્યકક્ષાની ઉજવણી રાજપીપળામાં યોજાઈ.
- આર. કે. વિશ્નોઈ THDC ઇન્ડિયા લિ.ના CMD નિયુક્ત. THDC ઇન્ડિયા લિ. NTPC અને ઉત્તરપ્રદેશ સરકારનું સંયુક્ત સાહસ છે.
- ટોક્યો ઓલિમ્પિકમાં બ્રાઝિલે સ્પેનને હરાવીને મેન્સ ફૂટબોલમાં ગોલ્ડ જીત્યો, જ્યારે કેનેડાની મહિલા ટીમે સ્વીડનને હરાવીને ગોલ્ડ જીત્યો.

## 10 ઓગસ્ટ

- જોન્સન એન્ડ જોન્સનની સિંગલ ડોઝવાળી રસીને ભારતમાં ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવી.
- કેબિનેટ સચિવ રાજીવ ગોબાનો કાર્યકાળ એક વર્ષ માટે વધારવામાં આવ્યો.
- રશિયાએ હાઇ-સ્પીડ ઇન્ટરનેટ મેળવવા માટે આર્કટિક મહાસાગરમાં અંડરસી ઓપ્ટિકલ કેબલ મૂકવાની શરૂઆત કરી, જે 'પોલર એક્સ્પ્રેસ' નામની કેબલ લિંકના ભાગ રૂપે છે.
- કર્ણાટક રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)-2020નો અમલ કરનાર પ્રથમ રાજ્ય બન્યું. NEP-2020 પાછલી NEP-1986નું સ્થાન લેશે.
- આવકવેરા વિભાગે કરદાતાઓ માટે એસેસમેન્ટ, પેનલ્ટી અને અપીલ્સ વિશેની ફરિયાદ નોંધાવા માટે samadhan.faceless.assessment@incometax.gov.in, samadhan.faceless.penalty@incometax.gov.in અને samadhan.faceless.appeal@incometax.gov.in એમ ત્રણ ઈમેલ એડ્રેસ લોન્ચ કર્યાં.

- પોલેન્ડની વોર્સો યુનિવર્સિટીની લાયબ્રેરીની દિવાલો પર ઉપનિષદના છંદ કોતરવામાં આવ્યાં.
- સંસદમાં 'ધ ટેક્સેશન લો (અમેન્ડમેન્ટ) બિલ-2021' પસાર ન થતાં Retrospective Taxનો કાયદો રદ કરવામાં આવ્યો, જેથી વોડાફોન અને કેયર્ન એનર્જીમાં ચાલી રહેલ કેસમાં ફેરફાર થશે.
- બાંગ્લાદેશ CDRI (Coalition for Disaster Resilient Infrastructure)માં જોડાનાર નવો સભ્ય દેશ બન્યો. 2019માં વડાપ્રધાન મોદીએ CDRIની શરૂઆત કરી હતી, જેમાં હાલ 25 દેશો અને 7 આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જોડાયેલ છે. CDRI સ્થાઈ વિકાસ અને આબોહવા-સંકટનાં જોખમો સામે નવી સિસ્ટમ વિકસાવવા માટેનાં હેતુથી કાર્ય કરે છે.
- વિશ્વના શ્રેષ્ઠ ફૂટબોલર લિયોનેલ મેસીએ સ્પેનિશ ફૂટબોલ ક્લબ બાર્સેલોનામાંથી વિદાય લીધી, જેનું મુખ્ય કારણ બાર્સેલોના પરનું 8000 કરોડ રૂપિયાનું દેવું છે.
- નોર્વેના કાર્સ્ટન વારહોમે મેન્સ 400 મીટર હર્ડલ રેસમાં ગોલ્ડ જીતવાનો પોતાનો જ રેકોર્ડ તોડ્યો.
- અમદાવાદ સ્થિત સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ ખાતેના નરેન્દ્ર મોદી સ્ટેડિયમના B ગ્રાઉન્ડનું ભારત ક્રિકેટ બોર્ડના સેક્રેટરી જય શાહ દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું.
- રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી નિમિત્તે સુરેન્દ્રનગરમાં 'મેઘાણી સાહિત્ય કોર્નર'ની સ્થાપના કરવામાં આવી.
- 10 ઓગસ્ટ: વિશ્વ સિંહ દિવસ. 2020માં થયેલ સિંહ ગણતરીમાં ગીર જંગલોમાં સિંહોની સંખ્યા 674 હતી, જે હાલમાં 700થી વધુ હોવાનો અહેવાલ છે.
- ટોક્યો ઓલિમ્પિકમાં ભારતે કુલ 7 (1 ગોલ્ડ, 2 સિલ્વર અને 4 બ્રોન્ઝ) મેડલ્સ મેળવ્યા. અમેરિકા 39 ગોલ્ડ સાથે ટોચ પર, 38 ગોલ્ડ સાથે ચીન બીજા ક્રમે. ભારત 48મા ક્રમે.
- નીરજ ચોપડા - ગોલ્ડ મેડલ (જેવલીન થ્રો)
- મીરાબાઈ ચાનુ - સિલ્વર મેડલ (વેઇટલીફ્ટિંગ)
- રવી દહિયા - સિલ્વર મેડલ (ફ્રીસ્ટાઈલ કુસ્તી)
- પી.વી.સિંધુ - બ્રોન્ઝ મેડલ (બેડમિન્ટન)
- લવલીના - બ્રોન્ઝ મેડલ (બોક્સિંગ)
- હોકી મેન્સ ટીમ - બ્રોન્ઝ મેડલ (હોકી)
- બજરંગ પુનીયા - બ્રોન્ઝ મેડલ (કુસ્તી)

## 11 ઓગસ્ટ

- NASAએ મંગળ જેવી પરિસ્થિતિ ધરાવતા ગ્રહ પર એક વર્ષ રહેવા માટે અરજીઓ મંગાવી. આ મિશનમાં 4 લોકોને થ્રીડી પ્રિન્ટરથી બનાવેલ 'માર્સ ડ્યૂન આલ્ફા'માં રાખવામાં આવશે.

- પછાત વર્ગ, અનુસૂચિત જાતિ, સફાઈ કર્મચારીઓના વિકાસ માટે કેન્દ્રીય સામાજિક ન્યાય મંત્રી ડૉ. વીરેન્દ્ર કુમારે PM-DAKSH (પ્રધાનમંત્રી દક્ષતા ઔર કુશલતા સંપન્ન હિતગ્રાહી) પોર્ટલ અને મોબાઈલ એપ લોન્ચ કરી.
- ભારત અને ચીને પૂર્વ લદ્દાખના ગોગરા ક્ષેત્રમાં પોતાના સૈનિકો હટાવ્યા.
- એમ. એસ. ધોની હોમ ઇન્ટીરીયર બ્રાન્ડ હોમલેનના પ્રથમ બ્રાન્ડ એમ્બેસેડર બન્યા.
- ઉત્તરપ્રદેશ સરકારે 'કાકોરી ટ્રેન ષડ્યંત્ર' નામના ઐતિહાસિક સ્વતંત્રતા આંદોલનનું નામ બદલીને 'કાકોરી ટ્રેન એક્શન' કર્યું. 9 ઓગસ્ટ, 1925ના રોજ હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશનના ક્રાંતિકારીઓએ ઉત્તર રેલવેની લખનૌ-સહારનપુર લાઈન પર કાકોરી જતી ગાડી (8 ડાઉન ટ્રેન) પર છાપો મારીને સરકારી ખજાનો લૂંટ્યો હતો.
- ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જ અંગે સંયુક્ત રાષ્ટ્રએ જાહેર કરેલ ઇન્ટર ગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ (IPCC)ના રિપોર્ટ અનુસાર 2040 સુધીમાં સમગ્ર વિશ્વમાં 1.5 ડિગ્રી તાપમાનમાં વધારો થશે.
- ભાવનગરના SSC પાસ પિતાનો પુત્ર આયુષ ભૂત JEE-મેઇન્સમાં ફિઝિક્સમાં 100માંથી 100 ગુણ મેળવી દેશમાં પ્રથમ આવ્યો.
- લોકસભામાં OBC લિસ્ટમાં સુધારા કરવા માટે રાજ્યોને અધિકાર આપતો 127મો બંધારણીય સુધારો કરતુ બિલ 'કોન્સ્ટીટ્યુશન (શિડયુલ્ડ ટ્રાઈબ્સ) ઓર્ડર (અમેન્ડમેન્ટ) બિલ-2021' પસાર કરવામાં આવ્યું. આ સુધારા બાદ રાજ્યોને કોઈ પણ સમુદાયને OBC અનામતમાં સામેલ કરી શકવાની સત્તા મળશે, જે અત્યાર સુધી કેન્દ્ર પાસે હતી.
- ટેનિસ ખેલાડી જૈનિક સિનર 'વોશિંગ્ટન ઓપન ટાઈટલ' જીતનાર પ્રથમ ઇટાલિયન ખેલાડી બન્યો.
- ઇટાલીના રિફ્યુજિઓ સિટેલી ખાતે યુરોપના સૌથી સક્રિય જ્વાળામુખી માઉન્ટ એટનામાં વિસ્ફોટ થયો.

## 12 ઓગસ્ટ

- ઇન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસે પ્રથમ વખત બે મહિલા અધિકારીઓ દીક્ષા અને પ્રકૃતિને કોમ્બેટ ઓફિસર તરીકે નિયુક્ત કર્યા.
- એથ્લેટીક્સ ફેડરેશન ઓફ ઇન્ડિયાએ ઓલિમ્પિક ગોલ્ડ મેડાલિસ્ટ નીરજ ચોપરાના સન્માનમાં દર વર્ષે 7 ઓગસ્ટના દિવસને 'જેવલીન થ્રો ડે' તરીકે ઉજવવાની ઘોષણા કરી.
- ચીની શોર્ટ વિડીયો પ્લેટફોર્મ ટિકટોક ફેસબુકને પછાડીને દુનિયામાં સૌથી વધુ ડાઉનલોડ થનાર સોશિયલ મીડિયા એપ્લીકેશન બની.
- RBI 1 ઓક્ટોબરથી કેશ સમાપ્ત થનાર ATM પર 10,000 રૂપિયા દંડ વસુલશે.
- અલ્જિરિયાના જંગલમાં લાગેલ આગમાં 25 સૈનિકો સહિત 42 લોકોનાં મૃત્યુ.

- અફઘાનિસ્તાનનાં વધુ ત્રણ સ્થળો બદખ્શા, બગલાન અને ફરાહ પર તાલિબાનોએ અધિકાર કરી લીધો.
- 130મા ડુરંડ કપનું આયોજન કોલકાતામાં થશે, ડુરંડ કપ દુનિયાની ત્રીજી સૌથી જૂની અને એશિયાની સૌથી જૂની ટૂર્નામેન્ટ છે.
- દિલ્હીનું ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ 45મા રેન્ક સાથે સ્કાઇટ્રેક્સ વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ રેન્કિંગ-2021માં દુનિયાના ટોપ-50 એરપોર્ટ્સમાં સામેલ. મુંબઈ, હૈદરાબાદ અને બેંગલુરૂ એરપોર્ટ ટોપ-100માં સામેલ. દોહા હમાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પ્રથમ ક્રમે.
- મુખ્યમંત્રી વિજય રૂપાણીએ 162 નગરપાલિકા અને 8 મહાનગરપાલિકામાં ટેક્સ, પાણી, ડ્રેનેજ, ફાયર જેવી સેવાઓના અમલીકરણ માટે 10 મોડ્યુલ અને 52 સેવાઓ ધરાવતી 'eNagar' એપ અને પોર્ટલ લોન્ચ કર્યું.
- વયોવૃદ્ધ અભિનેતા અનુપમ શ્યામનું નિધન.
- તાલીબાન આતંકવાદીઓની વધતી ગતિવિધિઓને કારણે અફઘાનિસ્તાનના સેના પ્રમુખ જનરલ વલી મોહમ્મદ અહમદજઇને હટાવીને તેમના સ્થાને જનરલ હિબતુલ્લા અલીજઇને નવા સેના પ્રમુખ બનાવવામાં આવ્યા.
- રશિયામાં યોજાનાર આંતરરાષ્ટ્રીય આર્મી ગેમ્સ-2021ની 7મી આવૃત્તિમાં ભારતીય સેનાની 101 સભ્યોની ટીમ ભાગ લેશે.

## 13 ઓગસ્ટ

- પંજાબની આગામી વિધાનસભાની ચૂંટણીમાં પંજાબના ઔદ્યોગિક સંગઠને 'ભારતીય આર્થિક પાર્ટી'ના નામે નવી પાર્ટીની રચના કરીને કિસાન નેતા ગુરૂનામ સિંહ ચઢુની મુખ્યમંત્રીના ચહેરા તરીકે જાહેરાત કરી.
- શ્રીનગર શહેરમાં ઝેલમ નદી પર શ્રીનગરના ઝીરો બ્રિજથી અમીરાકડાલ સુધી રિવરફ્રન્ટ બનાવવાની જાહેરાત કરાઇ.
- સાઉદી આરબમાં હવેથી બિનસાઉદી વિદેશી કાયદેસર રહીશ તરીકે રહી શકશે તથા વધુમાં વધુ 3000 ચોરસ મીટર વિસ્તારની મિલકત ખરીદી શકશે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ તથા સમગ્ર ગુજરાતના શહીદ થયેલ સૈનિકોની યાદમાં રિવરફ્રન્ટ ફેઝ-2 ખાતે રૂપિયા 800 કરોડ રૂપિયાના ખર્ચે 'શહીદ પાર્ક' બનાવશે.
- DRDOએ 1500 કિલોમીટરની રેન્જ ધરાવતી સ્વદેશી 'નિર્ભય ક્રૂઝ' મિસાઇલનું સફળ પરિક્ષણ કર્યું.
- ક્રિપ્ટોકરન્સી ટ્રાન્સફર માટે જાણીતી કંપની પોલીનેટવર્કમાં વાયરસ નાખીને હેકરોએ 600 મિલિયન અમેરિકન ડોલર (આશરે 4468 કરોડ) ક્રિપ્ટોકરન્સીની ચોરી કરી.

- ઇન્ડિયન ફિલ્ડ હોકી પ્લેયર વંદના કટારિયા ઉત્તરાખંડ મહિલા અને બાળ વિકાસ વિભાગની બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- ભારતે પરમાણુ ઊર્જા ક્ષમતાને વર્ષ 2031 સુધીમાં વધારીને 22,480 મેગાવોટ લઇ જવાનું લક્ષ્યાંક આપ્યું.
- એન્થની હેરેડિયા BOI AXA ઇન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પ્રા. લિ.ના CEO નિયુક્ત.
- RBIએ ડિજિટલ બેન્કિંગ ફ્રોડ વિષે લોકોને જાગૃત કરવા માટે શરૂ કરેલ લોક જાગૃતિ અભિયાન માટે નીરજ ચોપડા સાથે કોન્ટ્રાક્ટ કર્યો.
- અભિનેતા રાજકુમાર રાવ Cashifyનો પ્રથમ બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત. Cashify વાપરેલ મોબાઈલ ફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક ગેજેટ્સનો વેપાર કરતુ એક રિ-કોમર્સ માર્કેટપ્લેસ છે.
- ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ CoinDCX 1.1 બિલિયન ડોલરના મૂલ્યાંકન સાથે ભારતનું પ્રથમ ક્રિપ્ટો યુનિકોર્ન બન્યું.

## 14 ઓગસ્ટ

- મોહમ્મદ મોખબર ઈરાનના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ નિયુક્ત.
- SAARCના મહાસચિવ એસાલા રૂવાન વીરાકૂન ભારતની યાત્રાએ.
- મહેશ રામમૂર્તિ યસ બેંકના ચીફ ઇન્ફોર્મેશન ઓફિસર (CIO) નિયુક્ત.
- દેશના સૌથી સ્વચ્છ શહેર ઇન્દોરને હવે સ્વચ્છ સર્વેક્ષણ-2021 અંતર્ગત ભારતનું પ્રથમ વોટર પ્લસ શહેર ઘોષિત.
- વેસ્ટ ઇન્ડીઝ મહિલા ટીમની કેપ્ટન સ્ટેફની ટેલર જુલાઈ-2021 માટે ICC વુમન પ્લેયર ઓફ ધ મંથ ઘોષિત, જ્યારે બાંગ્લાદેશનો ઓલરાઉન્ડર શાકિબ અલ હસન મેન્સ પ્લેયર ઓફ ધ મંથ ઘોષિત.
- અફઘાનિસ્તાનનો 2/3 હિસ્સો તાલીબાનોના અધિકારમાં આવ્યા બાદ અફઘાન સરકાર અશરફ ગનીએ હિંસા નહિ આચરવાની અને શહેરો પર હુમલાઓ નહિ કરવાની શરતે તાલીબાનને સત્તામાં ભાગીદારીની ઓફર કરી.
- ગુજરાત રાજ્ય સરકાર 'શાળા આરોગ્ય કાર્યક્રમ' અંતર્ગત 18 વર્ષ સુધીના તમામ વિદ્યાર્થીઓના આરોગ્યની તપાસ કરશે.
- ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (GTU)એ વિદ્યાર્થીઓ જે તે દેશની માતૃભાષાને જાણી શકે તે માટે રોમાનિયાના ATI સ્ટુડિયો સંચાલિત 'મોન્ડલી લેંગ્વેજ લર્નિંગ' એપ્લીકેશનનો ફોરેન લેંગ્વેજ લર્નિંગ પ્રોગ્રામ શરૂ કર્યો.

- ISROનું GISAT-1 અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ GSLV રોકેટ દ્વારા ભ્રમણકક્ષામાં મૂકવામાં નિષ્ફળ ગયું. આ સેટેલાઈટ નિયમિત અંતરે મોટા ભૌગોલિક વિસ્તારની તસવીરો લેવા માટે સક્ષમ છે તથા આવનારી કુદરતી સંકટોની માહિતી પણ આપી શકે છે.
- કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાનો કાર્યકાળ એક વર્ષ માટે વધારવામાં આવ્યો.
- ઓલિમ્પિકમાં ગોલ્ડ જીત્યા બાદ નીરજ ચોપડા 14મા ક્રમેથી સીધો બીજા ક્રમનો વિશ્વનો જેવલીન થ્રોઅર બની ગયો. પ્રથમ ક્રમે જર્મનીનો જોહનીસ વેટર છે.
- પાકિસ્તાને સપાટીથી સપાટી પરમાણુ ક્ષમતાની બેલેસ્ટિક મિસાઈલ 'ગઝનવી'નું પરીક્ષણ સફળતાપૂર્વક કર્યું.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ક્રેપ પોલીસી શરૂ કરી, જે અંતર્ગત જૂનાં વાહનો સ્ક્રેપ કરાવવા પર નવી ગાડીનું રજિસ્ટ્રેશન ફ્રી તથા રોડ ટેક્સમાં 25% છૂટ આપવામાં આવશે.
- ટ્વિટર ઇન્ડિયાના વડા મનીષ મહેશ્વરી અમેરિકામાં રેવન્યુ સ્ટ્રેટેજી અને ઓપરેશનના સિનિયર ડિરેક્ટર નિયુક્ત.

## 15 ઓગસ્ટ

- આદી ગોદરેજના રાજીનામા બાદ તેમના ભાઈ નાદિર ગોદરેજ ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝનું ચેરમેન પદ સંભાળશે.
- ટોક્યો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ જીત્યા બાદ બેડમિન્ટન સ્ટાર પી. વી. સિંધૂ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં બેડમિન્ટન ટ્રેનિંગ એકેડમી શરૂ કરશે.
- કેન્દ્ર સરકારે આગામી વર્ષથી સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશ પરના પ્રતિબંધના ભાગ રૂપે પોલીથીન બેગની જાડાઈ 50 માઈક્રોનથી વધારીને 120 માઈક્રોન કરી.
- અમેરિકામાં વસતા ભારતીય પ્રવાસીઓના સંગઠન 'ઇન્ડિયાસ્પોરા' દ્વારા પ્રથમ વખત વિશ્વભરના ટોચના 100 પરોપકારી ભારતીય દાનવીરોની યાદી જાહેર કરી, જેમાં ગૌતમ અદાણી, નીતા અંબાણી અને કુમાર મંગલમ બિરલાનો સમાવેશ થાય છે.
- રાજ્ય સરકારના 'વન મહોત્સવ' કાર્યક્રમ હેઠળ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કલગામ ખાતે 72મા વનમહોત્સવ-2021ની ઊજવણી સાથે 'મારૂતિનંદન વન'નું લોકાર્પણ કરવામાં આવ્યું.
- ભારતને અંડર-19 વર્લ્ડકપ-2012 જીતાડનાર કેપ્ટન ઉન્મુક્ત ચંદે ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી.
- હિમાચલ પ્રદેશના લાહોલ-સ્પિતિના નાલ્ડા વિસ્તારમાં પહાડ તૂટીને ચંદ્રભાગા નદીમાં પડતાં નદીનું વહેણ અટક્યું.

- રામસર સ્થળોની યાદીમાં વધુ ચાર વેટલેન્ડ્સ ઉમેરવામાં આવી, જેમાં ગુજરાતના થોળ અને વઢવાણ તથા હરિયાણાના સુલતાનપુર અને ભિંડાવા સામેલ છે. આ સાથે ભારતમાં રામસર સ્થળોની કુલ સંખ્યા 46 થઇ, જેમનું કુલ ક્ષેત્રફળ 10,83,322 હેક્ટર્સ છે.
- કેન્દ્ર સરકારે સેલ્ફ હેલ્પ ગૃપ્સ દ્વારા તૈયાર કરવામાં આવેલ ચીજ-વસ્તુઓના બજાર માટે 'સોન ચિરૈયા' એક બ્રાન્ડ અને લોગો લોન્ચ કર્યા.
- છત્તીસગઢ શહેરી વિસ્તારોમાં સામુદાયિક વન સંસાધન અધિકારો (કોમ્યુનિટી ફોરેસ્ટ રિસોર્સ રાઇટ્સ)ને માન્યતા આપનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- અમેરિકામાં રહેતા ભારતીયોએ 15 ઓગસ્ટના રોજ ટાઇમ્સ સ્ક્વેર પર સૌથી મોટો તિરંગો ફરકાવ્યો.
- 15 ઓગસ્ટ, 2021: 75મો ભારતીય સ્વતંત્રતા દિવસ. જવાહરલાલ નહેરૂ, ઇન્દિરા ગાંધી અને મનમોહનસિંહ બાદ નરેન્દ્ર મોદી દિલ્હીના લાલ કિલ્લા પરથી 8 વખત ધ્વજવંદન કરનાર ચોથા વડાપ્રધાન અને પ્રથમ બિન કોંગ્રેસી વડાપ્રધાન બન્યા.
- 75મા સ્વતંત્રતા દિવસની ઊજવણી નિમિત્તે વાયુદળના બે MI-17V હેલિકોપ્ટર્સ દ્વારા અમૃત ફોર્મેશનમાં ઉડ્ડયન કરીને ફૂલોની વર્ષા કરવામાં આવી. સંરક્ષણ મંત્રાલય દ્વારા indianidc2021.mod.jov.in નામની વેબસાઇટ પર આ સમારંભનું સમગ્ર દુનિયામાં જીવંત પ્રસારણ કરવામાં આવ્યું.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 14 ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ' દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી.

**16 ઓગસ્ટ**

- કમલેશ કુમાર પંત નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઇસિંગ ઓથોરીટીના નવા ચેરમેન બન્યા.
- ચંદ્રયાન-2 ઓર્બિટરે ચંદ્રની સપાટી પર પાણીના અણુઓ હોવાની માહિતી મેળવી.
- ગુજરાત હાઇકોર્ટે 'ઇ-સેવા કેન્દ્ર' કર્યું, જે અંતર્ગત કોઇપણ વ્યક્તિને કોઇપણ કેસની માહિતી કે સ્ટેટસ વગેરે ઇ-મેલ કે મોબાઇલ નંબર પર ઉપલબ્ધ થઇ શકશે.
- અમેરિકાના નેશનલ ઓશનિક એન્ડ એટસ્મોફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA)ના નેશનલ સેન્ટર ફોર એન્વાયરમેન્ટલ ઇન્ફોર્મેશન (NCII)ના ગ્લોબલ ડેટા અનુસાર જુલાઇ-2021નો મહિનો છેલ્લા 142 વર્ષોમાં સૌથી ગરમ રહ્યો.
- વિજય માલ્યાની કંપની કિંગફિશર્સના વડામથક કિંગફિશર હાઉસ વેચવામાં 9મા પ્રયાસે સફળતા મળી. હૈદરાબાદના રિયલ્ટી ડેવલપ સેટર્ને 52 કરોડ રૂપિયામાં તે ખરીદી.
- 
- ઉજ્જૈનનું મહાકાલ મંદિર દેશનું પ્રથમ એવું મંદિર બન્યું કે જ્યાંના લાડુ પ્રસાદને ફાઇવ સ્ટાર હાઇજિન રેટિંગ મળ્યું.

- વડાપ્રધાને વર્ષ 2018માં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર કેન્દ્ર અને રાજ્ય સરકારોના વિભાગીય સાહસ અને જાહેર ક્ષેત્રના કામદારોને 'પ્રધાનમંત્રી શ્રમ પુરસ્કાર' આપવાની જાહેરાત કરી. આ માટે ત્રણ શ્રેણી શ્રમ ભૂષણ, શ્રમ વીર, શ્રમશ્રી નક્કી કરવામાં આવી.
- તાલિબાને કાબુલમાં પ્રવેશ કરતાં જ અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ અશરફ ગનીએ દેશ છોડ્યો.
- ટાટા પાવર રિન્યુએબલ એનર્જી લિ. (TPREL)એ ગુજરાતના બનાસકાંઠાના રાધાનેસડા ખાતે 100 મેગાવોટનો સોલાર ઊર્જા પ્રોજેક્ટ શરૂ કર્યો.
- ગાંધીજીને અમેરિકામાં પ્રતિષ્ઠિત કોંગ્રેશનલ ગોલ્ડ મેડલથી સન્માનિત કરવા માટે અમેરિકન પ્રતિનિધિ સભામાં દરખાસ્ત મૂકવામાં આવી.
- ગીર, કાંકરેજ, સાહીવાલ અને ઓંગોલ વગેરે સ્વદેશી દૂધાળા પશુઓના સંરક્ષણ માટે કેન્દ્રીય સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ દ્વારા ભારતની પ્રથમ કેટલ જિનોમિક ચિપ 'IndiGau' લોન્ચ કરવામાં આવી.

## 17 ઓગસ્ટ

- પૂણેની અગરકર સંશોધન સંસ્થાએ કૃષિ અવશેષોને હાઇડ્રોજન (H2) અને મિથેન (CH4)માં રૂપાંતરિત કરતી ટેકનિક વિકસાવી, જેથી કૃષિ અવશેષો બળવાથી થતા પ્રદૂષણને અટકાવી શકાશે.
- બી. નાગભૂષણ રેડ્ડી મલેશિયામાં આગામી ભારતીય હાઇકમિશનર નિયુક્ત.
- આસામનો કાઝીરંગા નેશનલ પાર્ક સેટેલાઇટ ફોન ધરાવતો ભારતનો પ્રથમ નેશનલ પાર્ક બન્યો.
- ભારતનું પ્રથમ ડ્રોન ફોરેન્સિક લેબ એન્ડ રિસર્ચ સેન્ટર કેરળમાં સ્થાપવામાં આવ્યું.
- અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલ બ્રિગેડિયર બી. ડી. મિશ્રાને મિઝોરમનો અને સિક્કિમના રાજ્યપાલ ગંગા પ્રસાદને મણિપુરના રાજ્યપાલનો વધારાનો કાર્યભાર આપવામાં આવ્યો.
- લડાખમાં પ્રથમ 'ધ હિમાલયન ફિલ્મ ફેસ્ટીવલ' યોજાશે.
- વૈશ્વિક યુવા વિકાસ સૂચકાંકમાં 181 દેશોમાંથી ભારત 122મા ક્રમે. સિંગાપુર પ્રથમ ક્રમે.
- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન WHOએ મહામારી ક્ષમતાવાળા પેથોજન્સના અભ્યાસ માટે એક આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સલાહકાર સમૂહ SAGO (સાયન્ટીફીક એડવાઇઝરી ગૃપ ફોર ઓરીજિન્સ)ની રચના કરી.
- અફઘાનિસ્તાનમાં રાષ્ટ્રપ્રમુખ ભવન પર કબજો કર્યા બાદ સંપૂર્ણ રીતે અફઘાનમાં તાલીબાન શાસનની જાહેરાત કરી દેવામાં આવી. ટોચના તાલીબાનીઓના કમાન્ડર મુલ્લા બરાદે અફઘાન વડા તરીકેનું પદ સાંભળ્યું. તાલીબાનોએ અફઘાનિસ્તાનનું નામ 'ઇસ્લામિક એમિરેટ્સ ઓફ અફઘાનિસ્તાન' જાહેર કર્યું.

- અફઘાનમાંથી 500 રાજદ્વારી અને ITBPના જવાનોને લાવવા માટે ભારતે ભારતીય એરફોર્સનું વિમાન 'C-17 ગ્લોબ માસ્ટર' કાબુલ એરપોર્ટ પર મોકલ્યું.
- દક્ષિણ સ્પેનમાં મલાગા પાસે આવેલ અર્ડેલ્સની ગુફાઓમાં પ્રાગઐતિહાસિક ગુફા ચિત્રો મળી આવ્યાં.
- ભારતની કોમલિકા બારી વ્રોકલામાં આયોજિત વર્લ્ડ આર્ચરી યુથ ચેમ્પિયનશિપમાં અંડર-21 રિકર્વ વર્લ્ડ ચેમ્પિયન બની. દીપિકા કુમારી બાદ તે અંડર-21 વર્લ્ડ ચેમ્પિયનશિપ અને અંડર-18 ટાઈટલ જીતનાર બીજી ભારતીય મહિલા બની.

## 18 ઓગસ્ટ

- વડાપ્રધાને સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લા પર આપેલ તેમના વક્તવ્યમાં 'સબકા સાથ, સબકા વિકાસ'ના સૂત્રમાં 'સબકા પ્રયાસ' સૂત્રને સામેલ કર્યું અને રોજગારીમાં વધારો કરવા માટે 100 લાખ કરોડ રૂપિયાની 'ગતિશક્તિ યોજના'ની જાહેરાત કરી.
- અફઘાનિસ્તાનના નાગરિકો માટે ભારતે નવી 'ઈ-વિઝા' કેટેગરીનો પ્રારંભ કર્યો.
- બ્રિટિશ કંપની હાઉસફ્રેશ દ્વારા તૈયાર કરવામાં આવેલ 2020ના સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાં ચીનના હોતાન પ્રાંત બાદ ઉત્તરપ્રદેશનું ગાઝિયાબાદ દુનિયામાં સૌથી વધુ પ્રદૂષિત શહેર.
- વરિષ્ઠ IPS અધિકારી સુધીર કુમાર સક્સેના કેબિનેટ સચિવાલયના સચિવ (સુરક્ષા) નિયુક્ત.
- તેલંગાણાના કરીમનગર જિલ્લાના મોહમ્મદ આઝમને અનુકરણીય નેતૃત્વના ગુણો પ્રદર્શિત કરવા માટે રાષ્ટ્રીય યુવા પુરસ્કાર આપવામાં આવ્યો.
- વ્રોકલામાં આયોજિત વર્લ્ડ આર્ચરી યુથ ચેમ્પિયનશિપમાં અંડર-21 મેન્સ રિકર્વ ટીમની ફાઈનલ્સમાં ધીરજ બોમદેવરા, આદિત્ય ચૌધરી અને પાર્થ સુશાંતની ભારતીય ટીમે ગોલ્ડ જીત્યો.
- અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા પોતાના પરિસરમાં ફાયર સ્ટેશન સ્થાપિત કરનાર ભારતની પ્રથમ હોસ્પિટલ બની.
- પોલેન્ડના વોર્કલા ખાતે યોજાયેલ યુવા વર્લ્ડ આર્ચરી ચેમ્પિયનશિપમાં ભારતીયો તીરંદાજોએ 9 ગોલ્ડ સહિત કુલ 15 મેડલ્સ મેળવ્યા.
- આંધ્રપ્રદેશમાં CM જગનમોહન રેડ્ડીનું મંદિર તથા મ્યુઝિયમ બનાવવામાં આવ્યું, જેને 'નવરત્નાલુ અલયમી' નામ આપવામાં આવ્યું.
- નંબર ક્વિઝ 'સુડોકુ'ના નિર્માતા મકી કાજીનું નિધન.

## 19 ઓગસ્ટ

- 10 વર્ષ પહેલાં ઉત્તર જાપાનના ફૂકુશિમા પરમાણુ પાવર પ્લાન્ટની દૂર્ઘટનાથી બોધ લઈને જર્મનીએ તેનાં તમામ 12 પરમાણુ ઊર્જા સ્ટેશન્સ બંધ કર્યાં.
- કેવડિયા કોલોની ખાતે સરદાર પટેલ જુઓલોજિકલ પાર્કમાં એક નર (વીર) અને એક માદા (શક્તિ) નામના સફેદ વાઘની જોડી લાવવામાં આવી.
- સામાજિક ન્યાય મંત્રાલયે ભૌતિક વર્ગોની જેમ વિષય નિષ્ણાતો દ્વારા લેક્ચર અને અન્ય અભ્યાસ સામગ્રીની એક્સેસ પૂરી પાડવા માટે 'TAPAS' (ટ્રેનિંગ ફોર ઓગ્મેન્ટિંગ પ્રોડક્ટિવીટી એન્ડ સર્વિસીઝ) લોન્ચ કરી.
- ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ.એ વધતી જતી માંગને પહોંચી વળવા માટે 'હાઈ સ્પીડ ડીઝલ'ની ડોર ટુ ડોર ડિલીવરી શરૂ કરી.
- છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે નવા 18 તાલુકાઓ સાથે મોહલા માનપુર, સારનગઢ-બિલાલગઢ, શક્તિ અને મહેન્દ્રગઢ એમ ચાર નવા જિલ્લાઓની ઘોષણા કરી, જેથી આ રાજ્યના કુલ જિલ્લાઓની સંખ્યા 32 થઇ.
- પૂણેનો 20 વર્ષીય હર્ષિત રાજા ભારતનો 69મો ચેસ ગ્રાન્ડમાસ્ટર બન્યો.
- સાઈબર સુરક્ષાના વિચારને વધુ મહત્વ આપવા માટે વિશ્વ બેંકે એક નવું સાઈબર સુરક્ષા મલ્ટી-ડોનર ટ્રસ્ટ ફંડ લોન્ચ કર્યું.
- કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે નવી દિલ્હીમાં નેશનલ બ્યુરો ઓફ પ્લાન્ટ જિનેટિક રિસોર્સીઝના પરિસરમાં વિશ્વની બીજી સૌથી મોટી નવીનીકૃત રાષ્ટ્રીય જિન બેંકનું ઉદઘાટન કર્યું.
- IAFનું વિમાન C-17 અફઘાનિસ્તાનમાંથી ભારતીય રાજદૂત રૂદ્રેન્દ્ર ટંડન અને કાબુલના અધિકારીઓને લઈને ભારતમાં પરત ફર્યું.
- રિલાયન્સ બાદ TCS 13 લાખ કરોડ રૂપિયાની માર્કેટ કેપ ધરાવનાર બીજી કંપની બની.
- ઝામ્બિયામાં વિપક્ષ નેતા હાકેંડે હિચીલેમા નવા રાષ્ટ્રપતિ ચૂંટાયા.
- અફઘાનિસ્તાનના ઉપરાષ્ટ્રપતિ અમરૂલ્લાહ સાલેહે પોતાને કાર્યવાહક રાષ્ટ્રપતિ જાહેર કર્યા.

## 20 ઓગસ્ટ

- PM કેર્સ ફંડને 'રાજ્ય' ઘોષિત કરવા માટે પીટીશન દાખલ કરવામાં આવી.
- વિદેશ મંત્રી એસ. જયશંકરે સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સૈનિકોની સુરક્ષામાં મદદ માટે 'યુનાઈટ અવેર' ટેકનિક શરૂ કરવાની ઘોષણા કરી.
- આતંકવાદી સંગઠન તાલીબાનના કન્ટેન્ટ પર ફેસબુકે પ્રતિબંધ મૂક્યો, જે માટે ફેસબુકે પશ્તો-ડારી ભાષા જાણતા લોકોને આવી પોસ્ટ દૂર કરવાની જવાબદારી સોંપી.

- જાપાનના ટોક્યોમાં હાઈડ્રોજનમાંથી કાર્બન ઉત્સર્જન કર્યા વિના વીજળી ઉત્પન્ન કરતી પ્રથમ હોટલ બનાવવામાં આવી. આ હાઈડ્રોજન સેલનું ઉત્પાદન હોટલમાંથી નીકળતા કચરામાંથી થાય છે.
- ઇન્ડિયા પોસ્ટ દ્વારા હરિયાણામાં નીરજ ચોપરાના વતન 'ખાંદરા'માં ગોલ્ડ લેટર બોક્સનું અનાવરણ કર્યું.
- ભોપાલની જ્યોતિ આફ્રિકા ખંડના સૌથી ઊંચા પર્વત કિલીમાંજારો (5895 મીટર) અને યુરોપના સૌથી ઊંચા શિખર માઉન્ટ એલ્બ્રુસ (5642 મીટર) એમ બંનેને સર કરનાર પર્વતારોહક બની.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2047 સુધીમાં ભારતને ઊર્જા ક્ષેત્રે સ્વતંત્ર દેશ બનાવવાનો લક્ષ્યાંક મૂક્યો.
- હરિયાણાના હિસાર એરપોર્ટનું નામ બદલીને મહારાજા અગ્રસેન એરપોર્ટ રાખવામાં આવ્યું.
- ઉત્તરપ્રદેશ સરકારે અલીગઢ જિલ્લાનું નામ 'હરિગઢ', મૈનપુરી જિલ્લાનું નામ 'મયન નગરી' અને ફિરોઝાબાદ જિલ્લાનું નામ 'ચંદ્રનગર' કરવાની કવાયત હાથ ધરી.
- મોરબીમાં સિરામિક ઉદ્યોગ માટે 'ટ્રક ઓન ટ્રેન' સેવા શરૂ કરવા મીનીસ્ટ્રી ઓફ રેલવેના ડિરેક્ટર નંદુરી શ્રીનિવાસને રોડમેપ તૈયાર કરવાનો નિર્ણય કર્યો.
- સુપ્રીમ કોર્ટે મહિલાઓને પણ નેશનલ ડિફેન્સ એકેડમીની પરીક્ષામાં સામેલ કરવાની મંજૂરી આપવાનો આદેશ આપ્યો.
- વર્લ્ડ એથ્લેટીક્સ U20 ચેમ્પિયનશિપ નૈરોબીમાં શરૂ.

## 21 ઓગસ્ટ

- જર્મન ફૂટબોલ ક્લબ બાયર્ન મ્યુનિખે નવમી વખત જર્મન સુપર કપનું ટાઇટલ જીત્યું.
- મીરાબાઈ ચાનુ એમવે ઇન્ડિયાની ન્યુટ્રીલાઇટ રેન્જનાં બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- બાર્સેલોના છોડ્યા બાદ લિયોનેલ મેસી પેરીસ સેન્ટ જર્મનમાં જોડાયો.
- પ્રિયંકા ચોપરા જિઓ-MAMI (મુંબઈ એકેડમી ઓફ મુવિંગ ઈમેજ) ફિલ્મ ફેસ્ટીવલની ચેરપર્સન નિયુક્ત. તેણે દીપિકા પાદુકોણેનું સ્થાન લીધું.
- ઓડીસામાં બીજુ સ્વાસ્થ્ય કલ્યાણ યોજના અંતર્ગત ભારતની પ્રથમ સ્માર્ટ હેલ્થ કાર્ડ્સ સ્કીમ લોન્ચ કરી.
- 
- કેન્દ્ર સરકારે ગ્રામ્ય વિસ્તારમાં મિલકતધારકોને મિલકત કાર્ડ તૈયાર કરી આપવાની 'સ્વામિત્વ યોજના'નું અમલીકરણ પાયલોટ ધોરણે કરવા માટે 'ગાંધીનગર' જિલ્લાની પસંદગી કરી.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ ખાતે 1 કિલોમીટર લાંબા સમુદ્ર દર્શન વોકવે, પ્રાચીન કલાકૃતિ ધરાવતા મ્યુઝિયમ અને નવા બંધાયેલ અહલ્યાબાઈ હોલકર મંદિરના ઉદઘાટન અને ભૂમિપૂજન કાર્યક્રમમાં ભાગ લીધો.
- પ્રિંસપાલ સિંહ NBA ખિતાબ જીતનાર ટીમનો હિસ્સો બનનાર પ્રથમ ભારતીય બન્યા, જેમની ટીમે 'સેક્રામેન્ટો કિંગ્સ'એ NBA સમર લીગ-2021નો ખિતાબ જીત્યો.
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક એજ્યુકેશન બોર્ડ (GSHSEB) અને કેમ્બ્રિજ બોર્ડ સાથે થયેલ MOU અનુસાર મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ (SOS)ના ભાગ રૂપે શરૂ થનાર નિવાસી શાળામાં અભ્યાસ કરનાર બાળકોનો અભ્યાસક્રમ કેમ્બ્રિજ બોર્ડ તૈયાર કરશે.
- પૂર્વ દોડવીર એથ્લીટ પી. ટી. ઉષાના કોચ ઓમ નામ્બિયારનું નિધન.
- અફઘાનિસ્તાનની રાજધાની કાબુલથી 100 કિલોમીટર દૂર પંજશિરની ખીણમાં અફઘાનીઓએ તાલીબાન વિરૂદ્ધ મોરચો કર્યો. આ વિસ્તારના લોકો ગોરિલ્લા યુદ્ધ પદ્ધતિના વિશેષ જાણકાર છે.
- સ્ટાર ફૂટબોલ ખેલાડી લિયોનેલ મેસીએ બાર્સેલોનામાંથી વિદાય લેતી વખતે આંખના આંસુ લૂછવા માટે ઉપયોગમાં લીધેલ ટિશ્યૂ પેપરને મેકેડુયો નામના વ્યક્તિને 7.43 કરોડ રૂપિયામાં ખરીધું. તેના દાવા મુજબ આ ટિશ્યૂમાં મેસીના જિનેટિક છે, જે ફૂટબોલ ખેલાડીના ક્લોન બનાવવાની મંજૂરી આપશે.
- NIIT ઇન્સ્ટીટયુટ ઓફ ફાયનાન્સ બેન્કિંગ એન્ડ ઇન્સ્યોરન્સ (NIIT IFBI)એ ક્વાંટિક ઇન્ડિયાના ત્રીજા વાર્ષિક BFSI એક્સેલન્સ એવોર્ડ્સમાં ટ્રેનિંગ એન્ડ એજ્યુકેશન એક્સેલન્સ એવોર્ડ જીત્યો.
- ગુજરાત હાઈકોર્ટે 'લવ જેહાદ' સંબંધી ધર્મસ્વતંત્રતા અધિનિયમ (સુધારા)-2021ની કલમ 3, 4, 5 અને 6 માં સ્ટે આપ્યો. બળજબરી કે છળકપટ વિના જો વિધર્મી યુગલ લગ્ન કરે તો ધર્માંતરણનો ગુનો દાખલ કરી શકાય નહિ. લાલચથી લગ્ન સાબિત ન થાય ત્યાં સુધી FIR નહિ.
- વિધર્મી યુવકો દ્વારા હિન્દુ યુવતીઓને લગ્નની લાલચ આપીને ધર્મ પરિવર્તનની પ્રવૃતિ અટકાવવા માટે વિધાનસભામાંથી પસાર કરાયેલા લવ જેહાદ (ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ) કાયદો 15 જૂનથી ગુજરાતમાં લાગુ થઇ ચૂક્યો છે. અગાઉ ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં આ કાયદો લાગુ કરવામાં આવી ચૂક્યો છે. ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક 2021 બિલ રજુ કર્યું હતું. જે વિધાનસભામાંથી પાસ થઇ ગયા બાદ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પાસે ગયું હતું. જે મંજુર થયા બાદ સરકારે નોટિફિકેશન બહાર પાડ્યું હતું. આજથી ધર્મ સ્વાતંત્ર ધારા અધિનિયમ 2021નો અમલ શરૂ થઇ ચુક્યો છે. ગુજરાત સરકારે આ કાયદામાં 5 વર્ષ સુધીની સજા અને 2 લાખ રૂપિયાના દંડની, જ્યારે સગીર સાથેના ગુનામાં 7 વર્ષની સજા અને 3 લાખ

રૂપિયાના દંડની જોગવાઇ કરી છે. આ ઉપરાંત અનુસૂચિત જાતી, જનજાતિની સ્ત્રી સાથેના ગુનામાં 7 વર્ષની જોગવાઇ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. લવ જેહાદનાં કિસ્સામાં નવી કલમ 3ક દાખલ કરવામાં આવી છે. જેના પગલે વ્યક્તિ વિરુદ્ધ નારાજ થયેલા તેના માતાપિતા, ભાઇ બહેન અને લોહીના સગપણથી દત્ત વિધાન નથી ધરાવતી કોઇ પણ વ્યક્તિ હકુમત ધરાવતી વ્યક્તિ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી શકે છે. આ ઉપરાંત આવા કિસ્સામાં મદદગારી કરનારા વ્યક્તિ વિરુદ્ધ પણ કાયદેસરની કાર્યવાહી થશે. તેની વિરુદ્ધ બિનજામીનપાત્ર ગુનો દાખલ થશે. આની તપાસ નાયબ પોલીસ અધીક્ષક કે તેનાથી ઉચ્ચ દરજ્જાના પોલીસ અધિકારીએ જ કરવાની રહેશે.

## 22 ઓગસ્ટ

- વ્યક્તિગત રોકાણકારોના માધ્યમથી ક્રિપ્ટોકરન્સીને અપનાવવામાં વિયેતનામ અને ભારત ટોચ પર.
- હરિયાણા સરકારે રાજ્યમાં 'ગોરખધંધા' શબ્દના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો. રાજ્યના ગોરખનાથ સમુદાયે આ બાબતે મુખ્યમંત્રી મનોહરલાલને મળીને વિરોધ વ્યક્ત કર્યો હતો.
- ઔરંગાબાદની 14 વર્ષીય દીક્ષા શિંદે અમેરિકન અંતરિક્ષ એજન્સી NASAના માઇનોરિટી સર્વિંગ ઇન્સ્ટીટયુશન (MSI) ફેલોશિપની વર્ચ્યુઅલ પેનલમાં પેનલિસ્ટ તરીકે ચૂંટાઈ.
- 15મા નાણા પંચના અધ્યક્ષ એન. કે. સિંહ ઇન્સ્ટીટયુટ ઓફ ઇકોનોમિક ગ્રોથ (IEG) સોસાયટીના અધ્યક્ષ નિયુક્ત. તેમણે પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહનું સ્થાન લીધું.
- ભારતની મણિકા બત્રા અને જી. સાથિયાને બુડાપેસ્ટમાં WTT કન્ટેડર ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં મિક્સ્ડ ડબલ્સનો ખિતાબ જીત્યો.
- ફરીદાબાદ સ્માર્ટ સિટી લિ.એ સોશિયલ મીડિયામાં પોતાની પહેલને પ્રોત્સાહિત કરવામાં મદદ કરવા માટે કોમિક હિરો ચાચા ચૌધરીને સામેલ કર્યા.
- સોલાર બેઝ્ડ ઇલેક્ટ્રિક વ્હિકલ ચાર્જિંગ સ્ટેશનોના નેટવર્ક સાથે દિલ્હી-ચંડીગઢ હાઈવે ભારતનો પ્રથમ EV (ઇલેક્ટ્રિક વ્હિકલ) ફ્રેન્ડલી હાઈવે બન્યો. આ નેટવર્ક ભારત હેવી ઈલેક્ટ્રીકલ્સ લિ. (BHEL) દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.
- હરૂન રિસર્ચ ઇન્સ્ટીટયુટની વિશ્વની ટોચની 500 સૌથી વધુ મૂલ્યવાન કંપનીઓના લિસ્ટમાં ભારતની 12 કંપનીઓનો સમાવેશ. આ ભારતીય કંપનીઓમાં પ્રથમ ક્રમે રિલાયન્સ અને બીજા ક્રમે TCS છે.
- ફિલ્ડ જોબ ધરાવતી સેવાઓમાં IPS સહિત પેરા મિલીટરી દળોમાં કેન્દ્ર સરકારે દિવ્યાંગોની 4% અનામત રદ કરી.
- બેંક ઓફ બરોડાના એક્ઝીક્યુટીવ ડિરેક્ટર શાંતિલાલ જૈન ઇન્ડિયન બેંકના MD અને CEO બન્યા.

- બીજી સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ ભૂ-સ્થાનિક સૂચના કોંગ્રેસ (UNWGIC)ની મેજબાની ભારત દેશ કરશે, જે ઓક્ટોબર-2022માં યોજાશે.

## 23 ઓગસ્ટ

- અપૂર્વ ચંદ્રા સૂચના અને પ્રસારણ વિભાગમાં સચિવ નિયુક્ત.
- અનિરુદ્ધ બાલાજી ઇન્ડિયન-રશિયન IT એસોસિએશન (IRIT)ના નવા અધ્યક્ષ નિયુક્ત.
- અભિનેત્રી વિદ્યા બાલને ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબર્ન-2021માં ફિલ્મ શેરની માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીત્યો, જ્યારે મનોજ બાજપેઈએ 'ફેમિલી મેન-2' સિરીઝ માટે બેસ્ટ એક્ટરનો એવોર્ડ જીત્યો.
- DCGIએ 12 વર્ષથી મોટી વયની વ્યક્તિ માટે ઝાયડસ કેડિલાએ વિકસાવેલ સિરીંજમુક્ત કોરોના વેક્સિન ZyCov-Dના ઈમરજન્સી ઉપયોગની મંજૂરી આપી.
- ન્યુયોર્ક અને તેની આસપાસના વિસ્તારમાં 'હેનરી' વાવાઝોડું ત્રાટક્યું.
- ચાઇનીઝ કંપની Xiaomi ટેકનોલોજીએ CyberDog નામનો પોતાનો પ્રથમ રોબોટ વિકસાવ્યો.
- નાણામંત્રી નિર્મલા સીતારમને NMP-નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન યોજના જાહેર કરી, જે અંતર્ગત ચાર વર્ષના સમયગાળામાં સરકારી ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ મિલકતો ખાનગી કંપનીઓને અને ઉદ્યોગોને લીઝ પર આપી 6 લાખ કરોડનું ભંડોળ સરકાર મળશે.
- સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા રમાઈ રહેલ તાજાવાલા ટ્રોફી ઇન્ટરડિસ્ટ્રીક્ટ વનડે ટૂર્નામેન્ટની ફાઈનલમાં વરસાદને કારણે 'કચ્છ રૂરલ' અને 'ભાવનગર ડિસ્ટ્રીક્ટ' ટીમને સંયુક્ત ચેમ્પિયન જાહેર કરાઈ.
- ભારતના 17 વર્ષીય રેસ વોકર અમિત ખત્રીએ વર્લ્ડ U20 એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં 10 હજાર મીટર રેસમાં સિલ્વર જીત્યો.
- સ્વિડનની 'હાઈબ્રિટ' નામની કંપનીએ જીવાશ્મરહિત હાઈડ્રોજનનો ઉપયોગ કરીને બ્રેકથ્રૂ આયર્ન મેકિંગ ટેકનોલોજીથી સૌપ્રથમ વખત કોલસાના ઉપયોગ વિના સ્ટીલ બનાવ્યું.
- 'મેલેરિયા નો મોર ઈન્ડિયા' નામના સ્વૈચ્છિક સંગઠનના અહેવાલ અનુસાર 2020 સુધીમાં ભારતમાં 448થી વધુ જિલ્લાઓમાંથી માત્ર 116 જિલ્લાઓ (25%)એ જ ઝીરો મેલેરિયા કેસ લક્ષ્યાંક મેળવ્યું.
- તાલિબાને અફઘાનિસ્તાનના ફરાહ પ્રાંતમાંથી 340 કેદીઓને મુક્ત કર્યા.
- ઈસ્માઈલ સાબરી યાકોબ મલેશિયાના વડાપ્રધાન નિયુક્ત.

## 24 ઓગસ્ટ

- 15 વર્ષના ભારતીય ગ્રાન્ડમાસ્ટર રોનક સાધવાનીએ ઇટલીમાં આયોજિત 19મી સ્પિલીમબર્ગો ઓપન ચેસ ટૂર્નામેન્ટનું ટાઇટલ જીત્યું.
- હુરૂન ગ્લોબલ 500 મોસ્ટ વેલ્યુએબલ કંપનીઝ લિસ્ટ-2021માં એપલ ઇન્ક. પ્રથમ ક્રમે. માઇક્રોસોફ્ટ અને એમેઝોન અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે. ફેસબુક પાંચમા ક્રમે. આ કંપનીઓમાં સૌથી વધુ 243 અમેરિકાની છે, જ્યારે ભારત 12 કંપનીઓ સાથે 9મા ક્રમાંકે.
- ભારત સરકારે ફેશન ડિઝાઇન કાઉન્સિલ ઓફ ઇન્ડિયા (FDCI)ના પ્રમુખ સુનીલ સેઠીની અધ્યક્ષતામાં ત્રણ વર્ષમાં હેન્ડલૂમ ઉત્પાદન બમણું કરવા અને નિકાસને ચાર ગણું કરવા માટે કુલ 8 સદસ્યીય સમિતિ બનાવી.
- અરવિંદ કેજરીવાલે કનોટ પ્લેસ, દિલ્હીમાં ભારતના પ્રથમ સ્મોગ ટાવરનું ઉદઘાટન કર્યું, જે દર સેકન્ડે 1000 ક્યુબિક મીટર હવાને શુદ્ધ કરશે. 20 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલ અમેરિકાથી આયાત કરાયેલો આ સ્મોગ ટાવર લગભગ એક કિલોમીટરની ત્રિજ્યામાં હવાની ગુણવત્તામાં સુધારો કરી શકશે.
- NPCI (નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા)એ UAEમાં UPI પેમેન્ટ સુવિધા શરૂ કરવા માટે મશરેક બેંક સાથે ભાગીદારી કરી.
- સરકાર UAPA (અનલોફુલ એક્ટિવીટીઝ પ્રિવેન્શન એક્ટ) અંતર્ગત હુર્રિયત ગૃપ્સ પર પ્રતિબંધ મૂકશે.
- ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના માણા ગામમાં ભારત-ચીન બોર્ડર નજીક 11,000 ફૂટની ઊંચાઇએ ભારતનું સૌથી ઊંચું હર્બલ પાર્ક બનાવવામાં આવ્યું.
- ભારતની શૈલી સિંહે નૈરોબીમાં વર્લ્ડ એથ્લેટિક્સ U20 ચેમ્પિયનશિપમાં મહિલાઓની લોંગ જંપ ઇવેન્ટમાં સિલ્વર જીત્યો.
- નકુલ ચોપરા TV મોનિટરિંગ એજન્સી બ્રોડકાસ્ટ ઓડિયન્સ રિસર્ચ કાઉન્સિલ (BARC)ના CEO નિયુક્ત.
- સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)એ ટી. એમ. ભસીનને ફરીથી એડવાઇઝરી બોર્ડ ફોર બેન્કિંગ એન્ડ ફાઇનાન્સિયલ ફ્રોડ્સ (ABBFF)ના ચેરમેન નિયુક્ત કર્યા. આ પેનલ 50 કરોડ રૂપિયાથી વધુના ફ્રોડ્સની તપાસ કરે છે અને યોગ્ય કાર્યવાહી માટેની ભલામણ કરે છે.
- ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. (BPCL)એ AI બેઝ્ડ ચેટબોટ 'ઊર્જા' લોન્ચ કર્યું, જે કોઇ ભારતના ઓઇલ અને ગેસ ઉદ્યોગમાં આ પ્રકારનું પ્રથમ ચેટબોટ છે.
- પાંચ અશોક યંગ ચેન્જમેકર્સ (AYC) આર્યની સહાય, અદિતિ ગેરા, આકર્ષ શ્રોફ, અરણ્યો રે અને કાવ્યા ગુપ્તા પ્રતિષ્ઠિત ડાયના એવોર્ડ-2021થી સન્માનિત.
- ટિમ ડેવિડ IPLમાં રમનાર પ્રથમ સિંગાપુરનો ઇન્ટરનેશનલ ક્રિકેટર બનશે, જે IPL-2021માં બેંગલુરુની રોયલ ચેલેન્જર્સ ટીમમાં જોડાયો.

## 25 ઓગસ્ટ

- ઓલ ઇન્ડિયા ચેસ ફેડરેશન (AICF) અને ચેસ એસોસિએશન ઓફ ઇન્ડિયા (CAI)એ દેશમાં ચેસને સંચાલિત કરવા માટે એક સિંગલ યુનિટમાં બંનેનો વિલય થયો હોવાની ઘોષણા કરી.
- નઝમા હેપતુલ્લાની નિવૃત્તિ બાદ લા ગણેશન મણિપુરના નવા રાજ્યપાલ નિયુક્ત.
- ગ્લોબલ વોર્મિંગને કારણે સ્વિડનના સૌથી ઊંચા પર્વત કેબ્નેકેઇસની ઊંચાઇ એક વર્ષમાં 6.5 ફૂટ ઘટીને 6782 ફૂટ થઇ.
- બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે રાજ્યના અન્ય 10 પક્ષો સાથે મળીને વડાપ્રધાન સમક્ષ જાતિ આધારિત વસ્તી ગણતરી કરવાની માંગ કરી.
- કેવડિયાના નર્મદા કિનારે હરિદ્વારના 'હર કી પૌડી' સ્થિત ગંગા ઘાટ જેવો 'નર્મદા ઘાટ' બનાવાયો. અહીં રોજ સાંજે નર્મદા આરતી અને નર્મદા સ્નાનનો લાભ લઇ શકાશે.
- મારૂતિ સુઝુકી ટોયોટા સાથે મળીને ચાલતી વખતે જ આપમેળે ચાર્જ થઇ શકે એવી ટેકનિક ધરાવતી કાર વિકસાવશે.
- ઓલિમ્પિક ચેમ્પિયન એલેક્ઝાન્ડર ઝેવરેવે મેન્સ સિંગલ્સમાં સિનસિનાટી ઓપન ટેનિસ ટૂર્નામેન્ટનું ટાઇટલ જીત્યું.
- તાઇવાન દેશે પોતાની પ્રથમ કોરોના વેક્સિન 'મેડીજન' વિકસાવી, જેનો પ્રથમ ડોઝ રાષ્ટ્રપતિ સાઇ ઇંગવેને લીધો.
- IT ક્ષેત્રની અગ્રણી કંપની IBM (ઇન્ટરનેશનલ બિઝનેસ મશીન) ઇન્ડિયા પોતાનું પાંચમું સેન્ટર અમદાવાદમાં શરૂ કરશે.
- અફઘાનિસ્તાનમાં સરકાર રચવા માટે તાલીબાને 12 સભ્યોની 'ઉલેમા કાઉન્સિલ'ની રચના કરી.
- ભારતીયો અને અફઘાન હિંદુ-શીખોને ભારત લાવવાના મિશનને ભારત સરકારે 'ઓપરેશન દેવી શક્તિ' નામ આપ્યું.
- NSEએ તેમના તમામ સભ્યોને ડિજિટલ ગોલ્ડનું વેચાણ બંધ કરવા માટે આદેશ આપ્યો.
- મહારાષ્ટ્રમાં જનઆશીર્વાદ યાત્રા દરમ્યાન રાજ્યના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે વિરૂદ્ધ કરેલ વિવાદાસ્પદ ટિપ્પણી બદલ કેન્દ્રીય મંત્રી નારાયણ રાણે (ભાજપા)ની ધરપકડ કરવામાં આવી.
- 'પાંખોથી ઉડાન'નો સંદેશ આપતા ટોક્યો પેરાલિમ્પિક-2021ની શરૂઆત, જે અત્યાર સુધીની સૌથી મોટી પેરાલિમ્પિક છે. શોટ પુટ ખેલાડી ટેક ચંદ ભારતીય ટીમના ધ્વજવાહક બન્યા. આ પેરાલિમ્પિકમાં 54 એથ્લીટ ભારતનું પ્રતિનિધિત્વ કરશે, જે અત્યાર સુધીની કોઇ પેરાલિમ્પિકમાં ભારત દ્વારા મોકલવામાં આવેલ સૌથી મોટી ટીમ છે.

## 26 ઓગસ્ટ

- ઉત્તરપ્રદેશ સરકારે સહારનપુર સ્ટેટ યુનિવર્સિટીનું નામ બદલીને 'માં શાકંભરી યુનિવર્સિટી' રાખ્યું.
- ગ્રીનલેન્ડ ટાપુઓ પર બરફ વર્ષાને બદલે પ્રથમ વખત સામાન્ય વરસાદ વરસ્યો.
- NTPCએ વિશાખાપટ્ટનમમાં સિંહાદ્રી થર્મલ પાવર સ્ટેશનના જળાશયમાં 25 મેગાવોટનો ફ્લોટિંગ સોલાર પ્લાન્ટ લોન્ચ કર્યો.
- IIT, મદ્રાસે ભારતનું પ્રથમ સ્વદેશી મોટર સંચાલિત વ્હિલચેર વ્હિકલ 'નિયોબોલ્ટ' લોન્ચ કર્યું.
- ADBના અહેવાલ અનુસાર COVID-19ને કારણે એશિયામાં 80 મિલિયન લોકો અત્યંત ગરીબ બન્યા.
- ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ રિસ્ક ઇન્ડેક્સ-2021 અનુસાર ભારત અમેરિકાને પાછળ કરીને દુનિયાનું બીજું સૌથી વધુ આકર્ષિત મેન્યુફેક્ચરિંગ સેન્ટર બન્યું. ચીન પ્રથમ ક્રમે.
- અજિતાભ બોઝ દ્વારા લેખિત કપિલ શર્માની જીવનકથા આધારિત પુસ્તક 'ધ કપિલ શર્મા સ્ટોરી'નું વિમોચન કરવામાં આવ્યું. તેની પ્રસ્તાવના ધર્મેન્દ્ર દ્વારા લખવામાં આવી છે.
- અંશુમાન ગોયનકા IIFL વેલ્થ એન્ડ એસેટ મેનેજમેન્ટના પ્રાઇવેટ ઇક્વિટી બિઝનેસના પ્રમુખ નિયુક્ત.
- JLL ઇન્ડિયા દ્વારા પ્રકાશિત એક રિપોર્ટ અનુસાર ડેટા સેન્ટર ઉદ્યોગની ક્ષમતા 2023 સુધી બમણી થઈને 1,000 MWથી વધુ થવાનો અંદાજ છે.
- યસ બેંક અને ICICI બેંકના પૂર્વ અધિકારી નિપુણ જૈન ફિનટેક કંપની રેપિપેના CEO નિયુક્ત.
- બંગાળના માલદાના એક શિક્ષક હરિસ્વામી દાસ રાષ્ટ્રપતિ પુરસ્કાર-2021 માટે પસંદગી પામ્યા.
- ધર્મસ્વતંત્રતા કાયદો 'લવ જેહાદ'ની કલમ 5 પરનો સ્ટે હટાવવા માટે સરકારે હાઈકોર્ટમાં કરેલ અરજી HCએ નકારી.
- ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ બેલા ત્રિવેદી સુપ્રીમ કોર્ટનાં નવા જસ્ટિસ નિયુક્ત. બેલા ત્રિવેદી સુપ્રીમ કોર્ટનાં જસ્ટિસ બનનાર પ્રથમ ગુજરાતી મહિલા બન્યાં.

## 27 ઓગસ્ટ

- અભિનેતા સોનુ સૂદ ખાદ્ય તેલ બ્રાન્ડ સનપ્યોરના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- કર્ણાટક બાદ મધ્યપ્રદેશ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 (NEP-2020) લાગુ કરનાર દેશનું બીજું રાજ્ય બન્યું.

- પ્રખ્યાત ટેનિસ પ્લેયર લિએંડર પેસ ઓનલાઈન સ્પોર્ટ્સ એજ્યુકેશન કંપની સ્પોર્જોના સ્ટ્રેટેજી એડવાઇઝર અને બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- મહારાષ્ટ્રના મંત્રી આદિત્ય ઠાકરે એસોસિએશન ઓફ ઇન્ડિયન ફૂટબોલ કોચ (AIFC)ના અધ્યક્ષ નિયુક્ત.
- સદાશિવ નાયક ફ્યુચર રિટેલ લિ.ના CEO નિયુક્ત.
- લેટેસ્ટ સેન્સસની માહિતી અનુસાર અમેરિકામાં ભારતીયો રાષ્ટ્રીય સરેરાશથી વધુ અમીર અને કોલેજ શિક્ષણ બાબતે આગળ.
- સરકારે કોરોનાથી મૃત્યુ પામેલ માતાપિતા અથવા માતા અથવા પિતાના અનાથ બાળકોની માહિતી મેળવવા માટે સરકારે 'સ્વરાજ' નામની વેબસાઈટ શરૂ કરી.
- મેરિયન કોટિલાર્ડે સ્પેનના સેન સેબેસ્ટીયન ફિલ્મ ફેસ્ટીવલમાં લાઈફટાઈમ અચીવમેન્ટ પુરસ્કાર જીત્યો.
- પંકજ કુમાર સિંહ બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF)ના ડિરેક્ટર જનરલ નિયુક્ત.
- સંદીપ બક્ષી ફરીથી ICICI બેંકના MD અને CEO નિયુક્ત.
- આર્મી સિલેક્શન બોર્ડ દ્વારા પાંચ મહિલા અધિકારીઓને કર્નલ તરીકે બઢતી આપવામાં આવી.

## 28 ઓગસ્ટ

- અભયકુમાર સિંહ સહકાર મંત્રાલયમાં સંયુક્ત સચિવ (જોઈન્ટ સેક્રેટરી) નિયુક્ત.
- દેશના સ્ટાર્ટઅપને ઝડપી બનાવવા માટે ઇન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી મિનીસ્ટ્રીએ SAMRIDH (Startup Accelerator of MeiTy for Product Innovation, Development & Growth) યોજના શરૂ કરી.
- કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવિયા સ્ટોપ TB પાર્ટનરશીપ બોર્ડના અધ્યક્ષ નિયુક્ત.
- અમેરિકાની ઓહમિયમ ઇન્ટરનેશનલે બેંગલુરૂમાં ભારતની પ્રથમ ગ્રીન હાઇડ્રોજન ઇલેક્ટ્રોલાઈઝર ગીગાફેક્ટરી શરૂ કરી.
- પંકજ કુમાર ગુજરાતના નવા ચીફ સેક્રેટરી નિયુક્ત. તેઓ વર્તમાન સચિવ અનીલ મુકિમ નિવૃત્ત થતાં તેમનું સ્થાન લેશે.
- ફોર્બ્સની જાહેર સ્થળોએ પ્રતિ ચોરસ માઈલ સૌથી વધુ CCTV કેમેરા ધરાવનાર 150 શહેરોની યાદીમાં દિલ્હી વિશ્વમાં પ્રથમ ક્રમે. જ્યારે ચેન્નઈ લંડન બાદ ત્રીજા ક્રમે અને મુંબઈ 18મા ક્રમે. આમ આ યાદીમાં ભારતનાં ત્રણ શહેરોનો સમાવેશ થાય છે.

- ઇકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટની દુનિયાના 60 સુરક્ષિત શહેરોની યાદીમાં કોપનહેગન પ્રથમ ક્રમાંક સાથે વિશ્વનું સૌથી સુરક્ષિત શહેર બન્યું. દિલ્હી અને મુંબઈનો ટોપ 50 શહેરોમાં સમાવેશ.
- હિતેન્દ્ર દવે HSBC ઇન્ડિયાના CEO નિયુક્ત.
- ભારતીય ગ્રાન્ડમાસ્ટર એસ. પી. સેથુરમને બાર્સેલોના ઓપન શતરંજ ટૂર્નામેન્ટનું ટાઇટલ જીત્યું.
- ગુજરાત હાઇકોર્ટમાં બે દિવસ માટે નવા એક્ટિંગ ચીફ જસ્ટિસ વિનીત કોઠારીની નિમણૂક કરાઈ. 2 દિવસ બાદ તેઓ નિવૃત્ત થતાં તેમનું સ્થાન આર. એમ. છાયા લેશે.
- પ્રખ્યાત ફૂટબોલર ક્રિસ્ટીયાનો રોનાલ્ડો રિયલ મેડ્રિડ ક્લબ છોડ્યા બાદ ફરીથી પોતાની મૂળ ક્લબ યુનાઈટેડમાં પરત ફર્યો, જેના માટે તેણે 216 કરોડ રૂપિયાનો કરાર કર્યો.
- બ્રાઝિલમાં 176 કબીલાના 6000થી વધુ આદિવાસીઓ પોતાની જમીનનો અધિકાર સમાપ્ત થવાના ડરે બ્રાઝિલિયાના રસ્તા પર ધનુષ-બાણ સાથે વિરોધ પ્રદર્શન કરવા ઉતર્યા. આ પ્રકારની આ પ્રથમ ઐતિહાસિક ઘટના છે.

## 29 ઓગસ્ટ

- ભારત યુનિવર્સલ પોસ્ટલ યુનિયનની કાઉન્સિલ ઓફ એડમિનિસ્ટ્રેશન (CA) અને પોસ્ટલ ઓપરેશન્સ કાઉન્સિલ (POC) એમ બે મહત્વની બોડીના સભ્ય તરીકે ચૂંટાયું.
- ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયે ભારતનું પ્રથમ સ્વદેશી 'ક્વોન્ટમ કોમ્પ્યુટર સિમ્યુલેટર ટૂલકીટ' લોન્ચ કર્યું.
- અભિનેતા સોનુ સૂદ દિલ્હી સરકારના 'દેશ કે મેન્ટર્સ' કાર્યક્રમના બ્રાન્ડ એમ્બેસેડર બન્યા. આ કાર્યક્રમ અંતર્ગત સરકારી શાળાના બાળકોને કારકિર્દી સંબંધી માર્ગદર્શન આપવામાં આવશે.
- રક્ષામંત્રી રાજનાથ સિંહે પૂણેમાં આર્મી સ્પોર્ટ્સ ઇન્સ્ટીટ્યુટ સ્ટેડિયમનું નામ બદલીને 'નીરજ ચોપડા સ્ટેડિયમ' કર્યું.
- કેન્દ્ર સરકારે બેંક કર્મચારીઓનું ફેમિલી પેન્શન 30% કરવાના IBA (ઇન્ડિયન બેંક એસોસિએશન)ના પ્રસ્તાવને મંજૂરી આપી.
- ઇન્ટરનેશનલ મિલીટરી એન્ડ ટેકનિકલ ફોરમનું સાતમું સંસ્કરણ 'ARMY 2021' મોસ્કોમાં યોજાયું.
- દુનિયાનું સૌથી મોટું અને ઊંચું ઓબ્ઝર્વેશન વ્હિલ 'એઇન દુબઈ' (250 મીટર ઊંચું) દુબઈના બ્લૂવોટર્સ આઈલેન્ડ પર મૂકવામાં આવશે. આ વ્હિલ વર્તમાનમાં લાસ વેગાસ સ્થિત વિશ્વના સૌથી ઊંચા ઓબ્ઝર્વેશન વ્હિલ 'હાઈ રોલર' (167.6 મીટર) કરતા 42.5 મીટર ઊંચું છે.

- દિગ્દર્શક દર્શન ત્રિવેદીની ગુજરાતી ફિલ્મ 'મૃગતૃષ્ણા' અધિકૃત રીતે રિલીઝ થયા પહેલાં જ ઈન્સ્ટાગ્રામ પર તેની ઓરિજિનલ કોપી વાયરલ થતાં તેના આરોપી સામે ફરિયાદ નોંધાવવામાં આવી.
- ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથે વિદાય લેતાં પહેલાં ખાંડ બનાવતી ફેક્ટરીઓને કો-ઓપરેટિવ સોસાયટી એક્ટમાંથી બાકાત કરનાર સુધારાને રદ કર્યો, જેથી સુગર ફેક્ટરીઓ હવે કો-ઓપરેટિવ સોસાયટીની ચૂંટણીમાં ભાગ લઇ શકશે.
- ભરૂચ જિલ્લાના હાંસોટના ઈલાવ ગામ નજીક કીમ નદીમાં મનુષ્યના ચહેરા જેવી 'પફર' માછલી મળી આવી.
- ભારતીય પાસપોર્ટ ધરાવનાર NRIને આધારકાર્ડ માટે 182 દિવસને બદલે હવે ઓન અરાઈવ (તાત્કાલિક) આધાર કાર્ડ મળી શકશે.

## 30 ઓગસ્ટ

- રાજસ્થાન 'રાઈટ ટુ હેલ્થ' બિલ પસાર કરનાર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું.
- લેખ (લડાખ)માં ભારતનું પ્રથમ હરતું-ફરતું સિનેમાઘર સ્થાપિત કરવામાં આવ્યું.
- ભારતમાં એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં લઇ જવાતા ખાનગી વાહનો માટે નવી નોંધણી સિરીઝ BH જાહેર કરવામાં આવી, જે અંતર્ગત નવા રાજ્યમાં નવા રજિસ્ટ્રેશનની જરૂરિયાત રહેશે નહિ.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિની 'એની ટાઈમ એન્ટ્રી, એની ટાઈમ એક્ઝીટ' પોલિસી અનુસાર કોલેજનું એક વર્ષ પૂર્ણ કર્યા બાદ 10 વર્ષ બાદ પણ બીજું વર્ષ ભણી શકાશે.
- સંજય અરોડા ITBP (ઇન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસ)ના નવા ડિરેક્ટર જનરલ નિયુક્ત.
- જળશક્તિ મંત્રાલયે 100 દિવસ માટે 'સુજલામ અભિયાન' શરૂ કર્યું.
- પાકિસ્તાને પોતાની સ્વદેશી મલ્ટી લોન્ચ રોકેટ સિસ્ટમ 'ફતેહ-1'નું સફળ પરીક્ષણ કર્યું.
- રોબોટ સાથે પ્રેક્ટિસ કરનાર અને 12 મહિનાની વયે પોલિયોનો શિકાર બનનાર ગુજરાતની ભાવિના પટેલે ટોક્યો પેરાલિમ્પિકમાં ટેબલ ટેનિસનો સિલ્વર મેડલ જીત્યો.
- ભારતીય નિશાનેબાજ અવની લેખારાએ ટોક્યો પેરાલિમ્પિકમાં મહિલાઓની 10 મીટર એર રાઈફલ શૂટિંગમાં સુવર્ણ પદક જીત્યો.
- સદાશિવ નાયક ફ્યુચર રિટેલ લિ.ના CEO નિયુક્ત.
- કેર રેટિંગ્સના એક રિપોર્ટ અનુસાર ફાર્મા સેક્ટર 2024 સુધીમાં 60 બિલીયન અમેરિકન ડોલરને પાર કરી જશે. ભારતીય ફાર્મા ઉધોગ વૈશ્વિક સ્તરે માત્રાની બાબતે ત્રીજા અને મૂલ્યની બાબતે 13મા ક્રમે છે.
- UCO બેંકના MD અને CEO અતુલ કુમાર ગોયલનો કાર્યકાળ 2 વર્ષ માટે વધારવામાં આવ્યો.

- સંજીવ ચૌધરી IDFC ફર્સ્ટ બેંકના અધ્યક્ષ નિયુક્ત.
- ભોલા સિંહ નોર્ધર્ન કોલફિલ્ડ્સ લિ.ના ચેરમેન અને MD નિયુક્ત. નોર્ધર્ન કોલફિલ્ડ્સ લિ. કોલ ઇન્ડિયા લિ.ની સહાયક કંપની છે.
- ભારતે UNESCOની વિશ્વ ધરોહર સ્થળોની યાદીમાં સમાવિષ્ટ ભારતીય સ્થળોની સચિત્ર માહિતી દર્શાવતું એક વોલ્યુમ 'ઇન્ક્રેડિબલ ટ્રેઝર્સ' પ્રકશિત કર્યું.

## 31 ઓગસ્ટ

- રાઉન્ડ ટેબલ ઇન્ડિયાએ દેશભરમાં ચિકિત્સાની આધારભૂત ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારાના ઉદ્દેશથી હેલ્થકેર એન્હાન્સમેન્ટ ફોર એક્ટિવ લિવિંગ (HEAL) પ્રોજેક્ટ શરૂ કર્યો.
- સાઈ લાઈફ સાયન્સીઝ વિશ્વની સૌથી મોટી સ્થિરતા પહેલ UN ગ્લોબલ કોમ્પેક્ટ (UNGC)નું હસ્તાક્ષરકર્તા બની ગયું.
- ભારતે કોવિડ-19 મહામારીનો સામનો કરવા માટે હિમાલયન રાષ્ટ્ર પ્રત્યે ભારતની નિરંતર પ્રતિબદ્ધતાના ભાગ તરીકે નેપાળને મેડિકલ ઓક્સિજન પ્લાન્ટ ભેટમાં આપ્યો.
- અજય કુમાર RBIમાં એક્ઝિક્યુટીવ ડિરેક્ટર નિયુક્ત, જે કરન્સી મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટ, ફોરેન કરન્સી ડીપાર્ટમેન્ટ અને પ્રેમિસેસ ડીપાર્ટમેન્ટ સંભાળશે.
- ન્યાયમૂર્તિ એ. એમ. ખાનવિલકર સુપ્રીમ કોર્ટ લીગલ સર્વિસીઝ કમિટી (SCLSC)ના અધ્યક્ષ નિયુક્ત.
- પંજાબ નેશનલ બેંકના MD અને CEO એસ. મલ્લિકાર્જુન રાવનો કાર્યકાળ 2022 સુધી વધારવામાં આવ્યો.
- નેપાળની રાષ્ટ્રપતિ વિધા દેવી ભંડારીએ પ્રભુરામ શર્માને નેપાળ સેનાના પ્રમુખ નિયુક્ત કર્યા.
- તમિલનાડુના રાજ્યપાલ બનવારીલાલ પુરોહિતને પંજાબના રાજ્યપાલનો વધારાનો કાર્યભાર આપવામાં આવ્યો. તેઓ ચંડીગઢના એડમિનિસ્ટ્રેટર પણ બન્યા.
- ટી. એમ. ભસીન ફરીથી એડવાઇઝરી બોર્ડ ફોર બેન્કિંગ એન્ડ ફાયનાન્સિયલ ફ્રોડ્સ (ABBFF)ના અધ્યક્ષ નિયુક્ત.
- બેંક ઓફ ઇન્ડિયાના એક્ઝીક્યુટીવ ડિરેક્ટર પી. આર. રાજગોપાલનો કાર્યકાળ બે વર્ષ માટે વધારવામાં આવ્યો.
- વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલાએ UN સિક્યુરિટી કાઉન્સિલની બેઠકની અધ્યક્ષતા કરી.
- ગ્રેગ સરત્સકી ઇન્ડીગો એરલાઇન્સના સ્પેશિયલ એડવાઇઝર નિયુક્ત.
- દુબઈમાં આયોજિત એશિયન યુથ જુનિયર બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય મુક્કેબાજ રોહિત ચમોલીએ 48 કિગ્રા કેટગરી અને ભરતે 81+ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યા.

- ભારતના નિષાદ કુમારે ટોક્યો પેરાલિમ્પિકમાં મેન્સ હાઈ જમ્પ T47 ઈવેન્ટમાં 2.06 મીટરના બેસ્ટ એફર્ટ સાથે સિલ્વર જીત્યો.
- વિનોદ કુમારે ટોક્યો પેરાલિમ્પિકમાં મેન્સ ડિસ્કસ થ્રો F52 ઇવેન્ટમાં 19.91 મીટરના લક્ષ્યથી બ્રોન્ઝ જીત્યો.
- ભારતના જી. સાથિયાને ઓલોમોસીમાં ચેક ઇન્ટરનેશનલ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં મેન્સ સિંગલનો ખિતાબ જીત્યો.
- મેક્સ વેસ્ટપને બેલ્જિયમ ગ્રાન્ડ પ્રિક્સ-2021નો ખિતાબ જીત્યો.
- ભુવનેશ સેઠ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર EOUs અને SEZs (EPCES)ના નવા અધ્યક્ષ નિયુક્ત.
- ટોક્યો પેરાલિમ્પિકમાં સુમિત અંતીલે મેન્સ જેવલીન થ્રો F64માં ગોલ્ડ જીત્યો. સુમિતે 68.55 મીટરનો થ્રો ફેંકીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો. દેવેન્દ્ર ઝાઝરિયાએ મેન્સ મેન્સ જેવલીન થ્રોમાં સિલ્વર જીત્યો.
- અમેરિકાએ 31 ઓગસ્ટ પહેલા અફઘાનિસ્તાનમાં 20 વર્ષથી ચાલી રહેલ યુદ્ધને સમાપ્ત કરવાની ઘોષણા કરી.
- શાંતિ લાલ જૈન ઇન્ડિયન બેંકના MD અને CEO નિયુક્ત.
- ટોક્યો પેરાલિમ્પિકમાં યોગેશ કથુનિયાએ મેન્સ ડિસ્કસ થ્રોમાં સિલ્વર જીત્યો.
- પી. ઇનિયાને પેરીસમાં નોઇસીલ ઇન્ટરનેશનલ ચેસ ઓપન 2021નું ટાઈટલ જીત્યું.
- ભારતીય બેડમિન્ટન ખેલાડી મેરાબા લુવાંગ મેસમે યોનેક્સ લાતવિયા ઇન્ટરનેશનલ ફ્યુચર સિરીઝ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં મેન્સ સિંગલનો ખિતાબ જીત્યો.
- SBIના પૂર્વ ગવર્નર રજનીશ કુમાર HSBC એશિયાના સ્વતંત્ર ડિરેક્ટર નિયુક્ત.
- ફોર્બ્સ મેગેઝીનના અહેવાલ મુજબ વિશ્વના 42% અબજપતિઓ એશિયામાં છે, વિશ્વના ટોપ 10 શહેરો પૈકી ભારતના એકમાત્ર મુંબઈમાં 48 ધનિકો.
- એલન મસ્કની કંપની ટેસ્લા ઇલેક્ટ્રિક કાર બાદ હવે ‘ટેસ્લા બોટ’ નામનો રોબોટ બનાવશે.
- ફિલિપ્સ કંપનીએ 7000 રૂપિયાની કિંમતનું ‘ફ્રેશ એર’ નામનું હવાના પ્રદૂષણથી બચાવતું માસ્ક બનાવ્યું.
- વડાપ્રધાન મોદીએ 80મા મન કી બાત કાર્યક્રમમાં નવું સૂત્ર ‘સબ ખેલે, સબ ખીલે’ આપ્યું.
- LICએ વીમા એજન્ટ્સની સરળતા માટે ‘ANANDA’ (આત્મ નિર્ભર એજન્ટ્સ ન્યુ બીઝનેસ ડિજિટલ એપ) લોન્ચ કરી.
- સર્ચ એન્જિન yahooએ ભારતમાં પોતાની સમાચાર વેબસાઈટ્સ બંધ કરવાનો નિર્ણય કર્યો.
- અલ્જિરિયાએ મોરોક્કો સાથેના તમામ રાજનૈતિક સંબંધો રદ કર્યા.
- ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા ભારતીય કુશ્તીને વર્ષ 2032ના ઓલિમ્પિક માટે દત્તક લેવામાં આવશે.

- પંજાબ રાજ્ય સરકારે ખેડૂત અંદોલન દરમ્યાન મૃત્યુ પામેલા 104 ખેડૂતો અને મજૂરોના સ્વજનને સરકારી નોકરી આપવાના પ્રસ્તાવને મંજૂરી આપી.
- ભંવર સિંહ સમોરને રાજસ્થાની ભાષાનો સાહિત્ય અકાદમી પુરસ્કાર-2020 આપવામાં આવ્યો.
- નેધરલેન્ડની મહિલા ખેલાડી ફ્રેડરિક ઓવરડિક એક જ T20માં 7 વિકેટ લેનાર પ્રથમ ખેલાડી બની.

